લાગુ પડતી ફી અને ચાર્જિસ:

કૃપા કરીને સંલગ્ન એચડીએફસી બેંક ફોરેક્સપ્લસ કાર્ડ્સ પર લાગુ પડતી ફી અને ચાર્જિસ માટે નીચેના કોષ્ટકને વાંચી જાવ:

અનુ ક્રમ નં.	ફી અને ચાર્જિસનું વિવરણ	મલ્ટિકરન્સી ફોરેક્સપ્લસ કાર્ડ	રિગલિયા ફોરેક્સપ્લસ કાર્ડ	આઈએસઆઈસી સ્ટુડન્ટ મલ્ટિકરન્સી ફોરેક્સપ્લસ કાર્ડ	હજ ઉમરાહ ફોરેક્સપ્લસ કાર્ડ
1	વીમા ફી*	રૂ. 500	રૂ. 1000	રૂ. 500	રૂ. 200
2	રિલોડ ફી*	રૂ. 75	રૂ. 75	રૂ. 75	રૂ. 75
3	એટીએમ ઉપાડ ફી*	યુએસડી 2 અથવા સમકક્ષ અહીં ક્લિક કરો	યુએસડી 4 અથવા સમકક્ષ અહીં ક્લિક કરો	યુએસડી 2 અથવા સમકક્ષ અહીં ક્લિક કરો	એસએઆર 7.50 અહીં ક્લિક કરો
4	બેલેન્સ ઈન્ક્વાયરી ફી*	યુએસડી 0.5 અથવા સમકક્ષ અહીં ક્લિક કરો	યુએસડી 0.5 અથવા સમકક્ષ અહીં ક્લિક કરો	યુએસડી 0.5 અથવા સમકક્ષ અહીં ક્લિક કરો	એસએઆર 2.00 અહીં ક્લિક કરો
5	ક્રોસ કરન્સી માર્કઅપ ચાર્જિસ**	2%	0%	2%	3%
6	બેક-અપ કાર્ડ ચાર્જિસ	રૂ. 100*	રૂ. 100*	સેવા ઉપલબ્ધ નથી	સેવા ઉપલબ્ધ નથી
7	કાર્ડ રિપ્લેસમેન્ટ ચાર્જિસ	રૂ. 100*	રૂ. 100*	સેવા ઉપલબ્ધ નથી	સેવા ઉપલબ્ધ નથી

*જીએસટી લાગુ પડે તે રીતે

** એટીએમ એક્વાયરિંગ બેંક દ્વારા નીચલી મર્યાદા સ્થાપિત કરાઈ હશે તો તે સંજોગોમાં ઉપાડની મર્યાદા બદલાઈ શકે છે.

***ક્રોસ કરન્સી માર્કઅપ ચાર્જ*

- *એવા વ્યવહારો કે જેમાં ટ્રાન્ઝેક્શન કરન્સી ફોરેક્સપ્લસ કાર્ડ પર ઉપલબ્ધ કરન્સી કરતા અલગ હશે તો તેમાં બેંક લાગુ પડશે તે રીતે આવા ટ્રાન્ઝેક્શન પર ક્રોસ કરન્સી માર્કઅપ ચાર્જ વસૂલશે.*
- *ઉપયોગમાં લેવાયેલા વિનિમય દર વિઝા/માસ્ટરકાર્ડ હોલસેલ એક્સચેન્જ રેટ મુજબના રહેશે જે ટ્રાન્ઝેક્શન/મર્ચન્ટ સમાધાનના સમયે લાગુ હશે.*
- *ફોરેક્સપ્લસ કાર્ડ પર ઉપલબ્ધ કરન્સીની અંદર વોલેટ ટુ વોલેટ ટ્રાન્સફર સમાવતા ક્રોસ કરન્સી ટ્રાન્ઝેક્શન માટે, ગ્રાહક પાસે લાગુ પડે તે રીતે ક્રોસ કરન્સી માર્કઅપ ચાર્જ કરાશે.*

અન્ય ફી તેમજ કરન્સી કન્વર્ઝન પર જીએસટી પ્રવર્તમાન દર મુજબ લાગુ થવા પાત્ર રહેશે.

કરન્સી કન્વર્ઝન પર લાગુ પડતા જીએસટી, ટીસીએસ તથા અન્ય કરવેરાને વિનંતીની તારીખથી પછીના કામકાજના દિવસે તમારા એકાઉન્ટમાં ઉધારાશે.

એચડીએફસી ફોરેક્સપ્લસ કાર્ડ પરની મર્યાદા:

એટીએમ રોકડ ઉપાડ માટે દૈનિક મર્યાદા	અન્ય કોઈ પણ કરન્સીમાં યુએસડી 5,000* સુધી અથવા સમકક્ષ
ઓનલાઈન ચેનલ્સ દ્વારા દૈનિક રિલોડ મર્યાદા	અન્ય કોઈ પણ કરન્સીમાં મહત્તમ યુએસડી 5,000 અથવા સમકક્ષ
ઓનલાઈન ચેનલ્સ દ્વારા વાર્ષિક રિલોડ મર્યાદા	અન્ય કોઈ પણ કરન્સીમાં મહત્તમ યુએસડી 25,000 અથવા સમકક્ષ
લિબરેટેડ રેમિટન્સ સ્કીમ મુજબ કુલ વાર્ષિક લોડ અને રિલોડ મર્યાદા**	અન્ય કોઈ પણ કરન્સીમાં મહત્તમ યુએસડી $250,000 અથવા સમકક્ષ

*રોકડ ઉપાડવામાં આવી હોય ત્યાં એટીએમ બેંક દ્વારા નીચલી મર્યાદા નિર્ધારિત કરાયા મુજબ ઉપાડ મર્યાદા બદલાતી રહેશે.

***લિબરલાઈઝ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ), એક એવી સુવિધા છે કે જ્યાં તમામ નિવાસી વ્યક્તિઓને (ફેમા 1999 હેઠળ નિર્ધારિત કરાયા મુજબ), પ્રતિ નાણાકીય વર્ષ (એપ્રિલ-માર્ચ) યુએસડી 250,000 સુધીની રકમ મુક્ત રીતે રેમિટ કરવા દેવાશે જે કોઈ પણ અનુમતિને પાત્ર કરંટ અથવા કેપિટલ એકાઉન્ટ ટ્રાન્ઝેક્શન અથવા બંનેના મિશ્રણ માટે રહેતા હોય.*

ફોરેક્સ માટેની મહત્તમ મર્યાદા કે જેને કાર્ડ પર લોડેડ/રિલોડેડ કરી શકાય તે આરબીઆઈ દ્વારા પ્રકાશિત લિબરલાઈઝ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ) હેઠળ નિર્ધારિત મર્યાદાને અનુરૂપ રહેશે.

નીચેના સંજોગોમાં તમારી વિનંતીને ઠુકરાવીને ફંડને તમારા એકાઉન્ટમાં રિવર્સ કરી દેવાશે:
- જો એવું જોવા મળશે કે તમે રજૂ કરેલી ફોરેન કરન્સીની વિનંતી એલઆરએસ માર્ગદર્શિકાઓને અનુરૂપ નથી અને/અથવા એલઆરએસ મર્યાદાના ઉપયોગે નિર્ધારિત મર્યાદાને ઓળંગી લીધી છે.

- તમારા પ્રવાસનો ઉદ્દેશ ફોરેક્સપ્લસ કાર્ડ જારી કરવાના ઉદ્દેશ સાથે મેળ ખાતો નહીં હોય.

કરન્સી કન્વર્ઝન પર ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ:

એચડીએફસીએફસી બેંક ફોરેક્સપ્લસ કાર્ડ પરના તમામ લોડ, રિલોડ અને રિફંડ ટ્રાન્ઝેક્શન્સ પર ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ લાગુ થવા પાત્ર રહેશે.

ફોરેક્સ કરન્સીની ખરીદી અને વેચાણ	કરન્સી કન્વર્ઝન પર ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ
રૂ 1 લાખ સુધી	કુલ મૂલ્યના 0.18% અથવા રૂ. 45 (જે પણ વધુ હોય)
>રૂ 1 લાખ – રૂ 10 લાખ	રૂ. 180 + રૂ. 1 લાખની વધુની રકમના 0.09%
> રૂ. 10 લાખ	રૂ. 990 + રૂ. 10 લાખની વધુની રકમના 0.018%

ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ (ટીસીએસ)

ફાઈનાન્સ એક્ટ, 2020માં લિબરલાઈઝ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ) હેઠળ ફોરેન એક્સચેન્જ ટ્રાન્ઝેક્શન પર નવી આવકવેરા જોગવાઈઓ પ્રસ્તુત કરાઈ છે, જે 1 ઓક્ટોબર, 2020થી અસરમાં છે.

ટીસીએસને આધિન રેમિટેન્સ માટે બેંકે કાર્ડધારક દ્વારા ચૂકવવાપાત્ર રકમને ઉધારવાના સમયે અથવા કાર્ડધારક પાસેથી રકમની પ્રાપ્તિના સમયે, બેમાંથી જે વહેલું હોય ત્યારે, ટીસીએસની આવી કાર્ડધારકે જમા કરાવેલી અથવા કાર્ડધારક પાસેથી પ્રાપ્ત કરાયેલી રકમ પર વસૂલાત કરવાની રહેશે. લિબરલાઈઝ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ) હેઠળ નિવાસી વ્યક્તિઓ દ્વારા ફોરેક્સ ઉપાડ/રેમિટન્સીસ પર આ સુધારેલા ટીસીએસ દરો (ફાઈનાન્સ એક્ટ, 2023 અનુસાર) 1 ઓક્ટોબર, 2023થી લાગુ થશે જે નીચે મુજબ છે.

અનુક્રમ નં.	વિદેશમાં રેમિટન્સનો પ્રકાર	નવા ટીસીએસ દર (1 ઓક્ટોબર 2023થી અમલી)
1	શિક્ષણના હેતુસર, રેમિટેડ કરાઈ રહેલી રકમ કોઈ નિર્ધારિત સંસ્થામાંથી પ્રાપ્ત કરાયેલી લોનના સ્વરૂપમાં હોય	ટોચમર્યાદા - કશું નહીં રૂ. 7 લાખ સુધી. રકમના અથવા પ્રતિ નાણાકીય વર્ષ રૂ. 7 લાખથી વધુની કુલ રકમના 5%
2	શિક્ષણના હેતુસર, ઉપરોક્ત (1) સિવાય (અથવા) તબીબી ઉપચારના હેતુસર.	ટોચમર્યાદા - કશું નહીં રૂ. 7 લાખ સુધી. રકમના અથવા પ્રતિ નાણાકીય વર્ષ રૂ. 7 લાખથી વધુની કુલ રકમના 5%
3	એલઆરએસ હેઠળ અન્ય કોઈ હેતુ	ટોચમર્યાદા - કશું નહીં રૂ. 7 લાખ સુધી. રકમના અથવા પ્રતિ નાણાકીય વર્ષ રૂ. 7 લાખથી વધુની કુલ રકમના 20%
4	વિદેશના ટૂર પેકેજીસ	રૂ. 7 લાખ સુધી 5% * રકમના અથવા પ્રતિ નાણાકીય વર્ષ રૂ. 7 લાખ*થી વધુની કુલ રકમના 20%
5	નિવાસી વ્યક્તિ કે જે "નિર્ધારિત વ્યક્તિ"ની કેટેગરી/નોન-પાન કેસ/ઈનઓપરેટિવ પાન કેસમાં આવતા હોય	ટીસીએસના સામાન્ય દરના ડબલ અથવા 5%, જે પણ ઊંચા હોય. જો કે, ટીસીએસ દર 20%થી વધવો ન જોઈએ.

નોંધ:

1. પોઈન્ટ નં. (1), (2) અને (3)માં ઉલ્લેખ મુજબ એલઆરએસ માટે પ્રતિ એફવાય રૂ. 7 લાખની ટોચમર્યાદા એ તમામ કેટેગરીના એલઆરએસ પેમેન્ટ પરની સંયુક્ત મર્યાદા છે, જેમાં પછી કોઈ પણ હેતુ માટે ગમેતે માધ્યમથી પેમેન્ટ કરાયું હોય.

2. પોઈન્ટ નં. (1), (2) અને (3)માં ઉલ્લેખ મુજબ ટોચમર્યાદા રેમિટન્સી/ફોરેક્સ પ્રાપ્તિ છે કે જેને તમામ અધિકૃત ડીલર્સ (એડી)માં એલઆરએસ હેઠળ પ્રાપ્ત કરાઈ હોય.

3. બેંક દ્વારા અધિકૃત ડીલર તરીકે કોઈ નિવાસી વ્યક્તિગત ગ્રાહક દ્વારા એર ટિકિટ બુકિંગ અથવા હોટેલ બુકિંગ પર પ્રોસેસ કરાયેલું એલઆરએસ રેમિટન્સ એ ઉપરોક્ત કોષ્ટકના પોઈન્ટ નં. (3)માં ઉલ્લેખ મુજબના દરે ટીસીએસને આધિન રહેશે.

4.(*) વિદેશી ટૂર પ્રોગ્રામ પેકેજની ખરીદી માટે પ્રતિ એફવાય રૂ. 7 લાખ માટેની ટોચમર્યાદા એ પોઈન્ટ નં. (1)માં ઉલ્લેખિત ટોચમર્યાદા કરતા સ્વતંત્ર છે.

નિર્ધારિત વ્યક્તિની વ્યાખ્યા:

"નિર્ધારિત વ્યક્તિ"નો મતલબ થાય એવી વ્યક્તિ કે જે નીચેની શરતોને પરિપૂર્ણ કરે છે

1. જે નાણાકીય વર્ષમાં કરની કપાત/વસૂલાત જરૂરી છે તેની તુરત અગાઉના વર્ષના સંબંધમાં આકારણી વર્ષ માટે તેણે આવકનું રિટર્ન ભરેલું નથી. ગણતરીમાં લેવા માટેના અગાઉના વર્ષ માટે રિટર્ન ફાઈલ કરવાની તારીખ કલમ 139ની પેટાકલમ (1) હેઠળ જતી રહી છે.
2. તે અગાઉના વર્ષમાં કુલ ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ અને ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ રૂપિયા પચાર હજાર અથવા વધુ હોય.

કૃપા કરીને નોંધ લેશો કે ફોરેક્સપ્લસ કાર્ડધારકનો પાન નંબર આરબીઆઈને એલઆરએસ રિપોર્ટિંગ માટેનો તેમજ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સને ટીસીએસ રિપોર્ટિંગ માટેનો હશે તે ગણાશે.

મહત્ત્વપૂર્ણ નોંધ:

ફોરેક્સપ્લસ કાર્ડની ડિલિવરી	ફોરેક્સપ્લસ કાર્ડને તમારી વિનંતીના આધારે જારી કરાશે. અમે વિદેશના સ્થળોએ તેમજ ડિલિવરી માટે જ્યાં લોજિસ્ટિક સુવિધા નથી હોતી તેવા સ્થળોએ ફોરેક્સપ્લસ કાર્ડની ડિલિવરી/કૂરિયર કરતા નથી. આવા સંજોગોમાં આવી વિનંતીઓને પ્રોસેસ કરાશે નહીં, અને ફંડને તમારા એકાઉન્ટમાં પરત રિવર્સ કરાશે.
યોગ્યતા	ફોરેક્સપ્લસ કાર્ડ બાર (12) વર્ષથી વધુ વયની નિવાસી વ્યક્તિઓને* જારી કરી શકાશે. રેમિટર સગીર હશે તો, ફોર્મ એ2 પર સગીરના કુદરતી વાલીએ કાઉન્ટરસાઈન કરવી ફરજિયાત છે.
પ્રવર્તમાન કાર્ડ	તમારી પાસે અગાઉથી ફોરેક્સપ્લસ કાર્ડ હોય તો, અગાઉ જારી કરાયેલા કાર્ડને બંધ કરી દેવાશે, અને તેમાં રહેલી શેષને નવી વિનંતી પર નવા જારી કરાયેલા ફોરેક્સપ્લસ કાર્ડમાં ટ્રાન્સફર કરાશે. જારી કરાયેલા નવા ફોરેક્સપ્લસ કાર્ડના કરન્સી વૉલેટમાં પ્રવર્તમાન કાર્ડની કરન્સી ઉપલબ્ધ ન થાય, તો નવા ફોરેક્સપ્લસ કાર્ડમાં કરન્સી શેષ ટ્રાન્સફર પર ક્રોસ કરન્સી કન્વર્ઝન રેટ, કરન્સી કન્વર્ઝન ટેક્સ અને જીએસટી લાગુ થવા પાત્ર રહેશે. આ રકમની ગણતરી પ્રવર્તમાન એક્સચેન્જ રેટ અને લાગુ પડતા ચાર્જિસ મુજબ કરાશે.
એલર્ટ	હું સંમત થાઉં છું કે ફોરેક્સપ્લસ કાર્ડને લગતી તમામ સૂચનાઓ અને એલર્ટને બેંક દ્વારા અરજીપત્રમાં પૂરા પડાયેલા અથવા મારી વિનંતી પર અપડેટ કરાયેલા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી અને સરનામે બેંકને સ્વીકાર્ય સંદેશાવ્યવહારના માધ્યમે મોકલવામાં આવશે. હું સંમત થાઉં છું કે બેંક દ્વારા પોતાની સંપૂર્ણ મુનસફી મુજબ કૂરિયર/મેસેન્જર/મેઈલ/એસએમએસ અથવા અન્ય કોઈ માધ્યમે મને સંદેશાવ્યવહાર/પત્રો મોકલાશે અને તેમાં થનારા કોઈ પણ વિલંબ માટે બેંકને જવાબદાર ગણવામાં આવશે નહીં.
કરન્સી વૉલેટમાં ફંડ્સનો ઉપયોગ કરવાનું ચાતુર્ય	પસંદ કરાયેલી કરન્સીમાં ફંડની અછતના સંજોગોમાં, સિસ્ટમ દ્વારા ટ્રાન્ઝેક્શનને પ્રોસેસ કરવા અન્ય કોઈ કરન્સી વૉલેટમાંના ઉપલબ્ધ ફંડની ચકાસણી કરાશે. કોઈ પણ કરન્સીમાં આ ટ્રાન્ઝેક્શનને પ્રોસેસ કરવા પર્યાપ્ત શેષ નહીં રહે, તો આ ટ્રાન્જેક્શનને રદિયો અપાશે પછી ભલેને તમામ કરન્સીઝમાં સાર્વત્રિક રીતે પર્યાપ્ત ફંડ્સ ઉપલબ્ધ હોય.

ફોરેક્સપ્લસ કાર્ડનું લોડિંગ/રિલોડિંગ	અરજદારે ફરજિયાતપણે એ સુનિશ્ચિત કરવું કે ફન્ડિંગ એકાઉન્ટધારકનું નામ ફોરેક્સપ્લસ કાર્ડ અરજદારના નામ સાથે મેળ ખાતું હોય. ફકરા 36 અનુસાર, નામમાં કોઈ પણ વિસંગતતા હશે તો તેના પરિણામે લોડ/રિલોડ વિનંતી ફગાવી દેવાશે, અને જે-તે ફંડને કામકાજના બે (2) દિવસની અંદર કાર્ડધારકના એકાઉન્ટમાં રિવર્સ કરી દેવાશે.

**ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999ની કલમ 2(વી)એ કરેલી વ્યાખ્યા મુજબ "ભારતમાં નિવાસી વ્યક્તિ". આ જોગવાઈ મુજબ "ભારતમાં નિવાસી વ્યક્તિ"નો મતલબ થાય –*

(i) અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન એકસો એંશી કરતા વધુ દિવસ માટે ભારતમાં નિવાસ કરનારી વ્યક્તિ પરંતુ તેમાં આ સામેલ નથી—

(A) ભારત બહાર ગયેલી વ્યક્તિઓ અથવા ભારત બહાર રહેતી વ્યક્તિ, જે પણ કેસ હોય—

(a) ભારતની બહાર રોજગાર માટે અથવા પ્રાપ્ત કર્યો હોય, અથવા
(b) ભારતની બહાર વ્યાપાર કરવા અથવા ભારત બહાર પ્રવાસ કરવા માટે, અથવા
(c) અન્ય કોઈ પણ હેતુ માટે, આવા સંજોગોમાં કે જે દર્શાવે કે તેમનો ઈરાદો અચોક્કસ ગાળા માટે ભારતની બહાર રોકાણ કરવાનો છે;

(B) એવી વ્યક્તિ કે જે ભારતમાં આવી હોય કે રહેતી હોય, કોઈ પણ સંજોગોમાં, આના સિવાય—

(a) ભારતમાં રોજગાર માટે અથવા મેળવવા, અથવા

(b) ભારતમાં રોજગાર માટે અથવા પ્રાપ્ત કર્યો હોય, અથવા

(c) અન્ય હેતુ માટે, એવા સંજોગો કે કે જે દર્શાવે કે તેમનો ઈરાદો અચોક્કસ ગાળા માટે ભારતમાં રોકાણ કરવાનો છે;

(ii) ભારતમાં નોંધાયેલી અથવા સ્થપાયેલી અન્ય કોર્પોરેટ બોડી અથવા વ્યક્તિ,

(iii) ભારત બહાર નિવાસ કરનારી વ્યક્તિની માલિકીની અથવા નિયંત્રણ હેઠળની ભારતમાંની કોઈ ઓફિસ, બ્રાન્ચ અથવા એજન્સી,

(iv) ભારતમાં નિવાસ કરનારી વ્યક્તિની માલિકીની અથવા નિયંત્રણ હેઠળની ભારતમાંની કોઈ ઓફિસ, બ્રાન્ચ અથવા એજન્સી;

કાર્ડ વેરિયાન્ટ-વાર કાર્ડની વિગતો:

અનુક્રમ નં.	ફીચર્સ	મલ્ટિકરન્સી ફોરેક્સપ્લસ કાર્ડ	રિગલિયા ફોરેક્સપ્લસ કાર્ડ	આઈએસઆઈસી વિદ્યાર્થી મલ્ટિકરન્સી ફોરેક્સપ્લસ કાર્ડ	હજ ઉમરાહ ફોરેક્સપ્લસ કાર્ડ
1	ચીપ એન્ડ સ્વાઈપ પે	હા	હા	હા	હા
2	કોન્ટેક્ટલેસ પે	હા	હા	હા	હા
3	કાર્ડનો પ્રકાર	મલ્ટિ-કરન્સી કાર્ડ	સિંગલ કરન્સી કાર્ડ	મલ્ટિ-કરન્સી કાર્ડ	સિંગલ કરન્સી કાર્ડ
4	કરન્સીની સંખ્યા	22 કરન્સી વોલેટ ઉપલબ્ધ છે એક કાર્ડમાં	1	22 કરન્સી વોલેટ ઉપલબ્ધ છે એક કાર્ડમાં	1
5	કરન્સી	ઓસ્ટ્રેલિયન ડોલર, એઈડી (દિરહામ), કેનેડિયન ડોલર, યુરો, હોંગકોંગ ડોલર, જાપાનીઝ યેન, સિંગાપોર ડોલર, સ્ટર્લિંગ પાઉન્ડ, સ્વીસ ફ્રાન્ક, સ્વીડિશ ક્રોના, થાઈલેન્ડ બહાત, સાઉથ આફ્રિકન રેન્ડ, ઓમાની રિયાલ, ન્યૂઝિલેન્ડ ડોલર, ડેનિશ ક્રોન, નોર્વેજીયન ક્રોન, સાઉદી રિયાલ, કોરિયન વોન, બેહરિન દિનાર, કતારી રિયાલ, કુવૈતી દિનાર અને યુએસ ડોલર	યુએસડી (એમસીવાય કાર્ડ માટે ઉલ્લેખિત અન્ય કોઈ કરન્સીમાં તબદિલ કરી શકાય છે)	ઓસ્ટ્રેલિયન ડોલર, એઈડી (દિરહામ), કેનેડિયન ડોલર, યુરો, હોંગકોંગ ડોલર, જાપાનીઝ યેન, સિંગાપોર ડોલર, સ્ટર્લિંગ પાઉન્ડ, સ્વીસ ફ્રાન્ક, સ્વીડિશ ક્રોના, થાઈલેન્ડ બહાત, સાઉથ આફ્રિકન રેન્ડ, ઓમાની રિયાલ, ન્યૂઝિલેન્ડ ડોલર, ડેનિશ ક્રોન, નોર્વેજીયન ક્રોન, સાઉદી રિયાલ, કોરિયન વોન, બેહરિન દિનાર, કતારી રિયાલ, કુવૈતી દિનાર અને યુએસ ડોલર	સાઉદી રિયાલ
6	ક્રોસ કરન્સી માર્કઅપ	ટ્રાન્ઝેક્શન કરન્સી એ કાર્ડ પર ઉપલ્ધ કરન્સી કરતા અલગ હોય છે, ક્રોસ-કરન્સી ચાર્જ 2% સુધીનો હોય છે	0%	ટ્રાન્ઝેક્શન કરન્સી એ કાર્ડ પર ઉપલ્ધ કરન્સી કરતા અલગ હોય છે, ક્રોસ-કરન્સી ચાર્જ 2% સુધીનો હોય છે	3%
7	એક્સપાયરી	કાર્ડ ઈન્ડેન્ટની તારીખથી 5 વર્ષ	કાર્ડ ઈન્ડેન્ટની તારીખથી 5 વર્ષ	કાર્ડ ઈન્ડેન્ટની તારીખથી 2 વર્ષ	કાર્ડ ઈન્ડેન્ટની તારીખથી 5 વર્ષ

એચડીએફસીએફસી બેંક ફોરેક્સપ્લસ કાર્ડ માટેના નિયમો અને શરતો

વ્યાખ્યાઓ

આ દસ્તાવેજમાં નીચેના શબ્દો અને રૂઢિપ્રયોગોનો અર્થ-તેની વિરૂદ્ધ છે સિવાય કે તેનો સંદર્ભ સૂચન કરે

1. 'બેંક'નો સંદર્ભ છે એચડીએફસી બેંક લિમિટેડ, જે એક બેન્કિંગ કંપની છે જેની ભારતમાં સ્થાપના કંપની ધારા, 1956 હેઠળ થયેલી છે અને તેની રજિસ્ટર્ડ ઓફિસ એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ – 400 013, ભારત ખાતે આવેલી છે અને તેમાં તેના વારસાદારો અને એસાઈનીઓ સામેલ છે.
2. 'કાર્ડ'નો સંદર્ભ થાય એચડીએફસી બેંક ફોરેક્સપ્લસ કાર્ડ, કે જેને એચડીએફસીએફસી બેંક દ્વારા વિઝા/માસ્ટરકાર્ડના સહયોગથી તેના ગ્રાહકોને જારી કરાય છે
3. 'કાર્ડધારક'નો સંદર્ભ થાય એવા ગ્રાહક જેમને બેંકે કાર્ડના ઉપયોગ માટે અધિકૃતતા આપી છે.
4. 'ઈડીસી ટર્મિનલ'નો મતલબ થાય પોઈન્ટ-ઓફ-સેલ ઈલેક્ટ્રોનિક ડેટા કેપ્ચર કે જે વિવિધ કાર્ડ ટ્રાન્ઝેક્શન્સ જેવા કે ઈલેક્ટ્રોનિક ડ્રાફ્ટ કેપ્ચર (ઈડીસી) ટર્મિનલ, પ્રિન્ટર્સ, એટીએમ પીન (અહીં નિર્ધારિત કરાયા મુજબ) સહિતના અન્ય પેરિફેરલ્સ તથા એસેસરીઝ, પેડ્સ તથા ડિવાઈસને ચલાવવા જરૂરી સોફ્ટવેરનું સંચાલન કરવા સક્ષમ હોય છે અને જે વિદેશમાં (ભારત, નેપાળ અને ભૂતાન સિવાય) મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સ ખાતે ટ્રાન્ઝેક્શનને પ્રોસેસ કરે છે.
5. 'ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન્સ'નો સંદર્ભ એવા ટ્રાન્ઝેક્શન્સથી થાય કે જેને ભારત, નેપાળ અને ભૂતાન બહાર કાર્ડ પર કાર્ડધારક દ્વારા એન્ટર કરાય છે.
6. 'મર્ચન્ટ'નો મતલબ થાય એવા એકમો કે જે મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટની માલિકી અથવા સંચાલન ધરાવતા હોય કે તેને ઓપરેટ કરતા હોય.

7. 'મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ'નો મતલબ થાય એવા એસ્ટાબ્લિશમેન્ટ્સ અથવા સુવિધા, કે જેઓ જ્યાં પણ હોય અથવા રજિસ્ટર્ડ થયા હોય, જે કાર્ડને સ્વીકારે અને તેમાં અન્યો સહિત સ્ટોર્સ, દુકાનો, રેસ્ટોરાં, હોટેલ્સ, એરલાઈન ઓર્ગેનાઈઝેશન્સ, ઈ-કોમર્સ વેબસાઈટ્સનો સમાવેશ થાય છે જેની વિઝા/માસ્ટરકાર્ડને સ્વીકારનાર તરીકે જાહેરાત કરાય છે.
8. 'શરતો'નો સંદર્ભ થાય આ દસ્તાવેજમાં નિર્ધારિત કરાયા મુજબ કાર્ડના ઉપયોગ માટેના નિયમો અને શરતો.
9. 'ટ્રાન્ઝેક્શન્સ'નો મતલબ થાય એવી કોઈ પણ સૂચનાઓ કે જે કાર્ડધારક દ્વારા કાર્ડનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપયોગ કરતી વેળાએ ટ્રાન્ઝેક્શનને પૂર્ણ કરવા બેંકને અપાય છે.
10. વિઝાનો મતલબ થાય એવો માર્ક જેનું માલિકીપણું વિઝા ઈન્ટરનેશનલ પાસે છે.
11. માસ્ટરકાર્ડનો મતલબ એવો માર્ક થાય કે જેનું માલિકીપણું માસ્ટરકાર્ડ ઈન્કોર્પોરેટેડ અથવા માસ્ટરકાર્ડ વર્લ્ડવાઈડ પાસે છે.
12. વિઝા/પ્લસ/માસ્ટરકાર્ડ એટીએમ નેટવર્ક'નો મતલબ થાય એવા એટીએમ, કે જ્યાં પણ આવેલા હોય, જે વિઝા/માસ્ટરકાર્ડને સ્વીકારતા હોય અને જેની પર વિઝા/પ્લસ/માસ્ટરકાર્ડના ચિહ્ન હોય.
13. આ દસ્તાવેજમાં કાર્ડધારકને લગતા તમામ સંદર્ભો માનવજાતિ માટે આપેલા છે અને તેમાં મહિલા/ટ્રાન્સજેન્ડર જાતિનો પણ સમાવેશ થાય છે.
14. ટ્રાન્ઝેક્શન: ટ્રાન્ઝેક્શનમાં મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે પ્રાપ્ત કરાયેલી સેવાઓ/ખરીદી કરવા માટે કરાયેલા પેમેન્ટ્સ, રોકડ ઉપાડ, અન્ય સેવાઓનો સમાવેશ થાય છે જેને એટીએમ અને/અથવા મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે કાર્ડનો ઉપયોગ કરીને પ્રાપ્ત કરાય છે.
15. પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર (પીન): બેંક દ્વારા એટીએમ ખાતે રોકડ ઉપાડ તેમજ બેલેન્સ ઈન્ક્વાઈરી માટે ઉપયોગ કરવા કાર્ડધારકને એક પીન અને પ્રિપેઈડકાર્ડ નેટબેન્કિંગમાં લોગિંગ કરવા આઈપીન એલોટ કરાય છે. કાર્ડધારક અહીં સામેલ જોગવાઈઓના અનુસરણમાં પ્રિપેઈડકાર્ડ નેટબેન્કિંગ પોર્ટલનો ઉપયોગ કરીને એટીએમ પીનને બદલવાનો અધિકાર ધરાવે છે. એટીએમ પીન/આઈપીનની ગોપનીયતા જાળવવા માટે કાર્ડધારક જવાબદાર રહેશે. કાર્ડના અનધિકૃત ઉપયોગ માટે બેંકની કોઈ જવાબદારી બનતી નથી.

યોગ્યતા, અરજી કરવાના/કાર્ડને પ્રાપ્ત કરવાના પ્રકાર અને કાર્ડને જારી કરવું

16. કોઈ પણ વ્યક્તિ (ભારતના નિવાસી) બેંકના પ્રતિનિધિ, ઓનલાઈન ડિજિટલ ચેનલ્સ અથવા કોઈ પણ બ્રાન્ચ દ્વારા ફોરેક્સપ્લસ કાર્ડને જારી કરાવવા માટે અરજી કરી શકે છે અથવા તો સમયાંતરે બેંક દ્વારા નિર્ધારિત કરાયા મુજબ ભારતમાંના મની ચેન્જર્સને પસંદ કરી શકે છે.
17. કાર્ડ માટેના અરજદારે સંપૂર્ણ વિગતો ભરીને સહી કરેલું અરજીપત્ર રજૂ કરવા ઉપરાંત સમયાંતરે બેંક દ્વારા જરૂરી તેમજ આવશ્યક એવા તમામ દસ્તાવેજો પણ સુપરત કરતા રહેવું પડશે.
18. અરજદારને બેંક દ્વારા જારી કરાનારું કાર્ડ, બેંકની જ મિલ્કત રહેશે અને તે ટ્રાન્સફરેબલ નહીં રહે તેમજ કાર્ડની પાછળના ભાગે કાર્ડધારકની સહી કરવામાં આવી હશે ત્યારે જ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે કાર્ડધારક દ્વારા તેને રજૂ કરવામાં આવે ત્યારે તેને સ્વીકારવામાં આવશે.
19. કાર્ડને જારી કરાવવાની બાબત કાર્ડના અરજદાર દ્વારા લાગુ પડતા કાયદાઓ (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 સહિત)ની જોગવાઈઓ, નિયમો, નિયમનો તથા ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશો, પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ, 2002 તથા સમયાંતરે અમલમાં હોય તેવા અન્ય કાયદાના અનુસરણને આધિન રહેશે.

નિયમો અને શરતોની અમલપાત્રતા

20. ફોરેક્સપ્લસ કાર્ડને જારી કરાવા તથા ઉપયોગની બાબત કાર્ડધારક દ્વારા લાગુ પડતા કાયદાઓ (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 સહિત)ની જોગવાઈઓ, નિયમો, નિયમનો તથા ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશો, પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ, 2002 તથા સમયાંતરે અમલમાં હોય તેવા અન્ય કાયદાના અનુસરણને આધિન રહેશે.
21. ફોરેક્સપ્લસ કાર્ડનો ઉપયોગ આરબીઆઈના એક્ચરેન્જ કંટ્રોલ નિયમનો અને પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ, 2002ના ચુસ્ત અનુસરણને આધિન રહેશે. કાર્ડધારક તેનું બિન-અનુસરણ કરશે તો તે સંજોગોમાં, બેંક પાસે પોતાની મુનસફીને આધિન રહીને અથવા તો આરબીઆઈના આગ્રહ પર કાર્ડધારકને કાર્ડને ધારણ કરતા અટકાવવાનો , કાર્ડને રદ કરવા તેમજ પાછું ખેંચવાનો અધિકાર રહેશે, અને કાર્ડધારક પણ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999, પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ ક્ટ, 2002 તેમજ સમયાંતરે અમલમાં હોય તેવા અન્ય કોઈ પણ કાયદા અને/અથવા નિયમનો હેઠળ કાર્યવાહીને પાત્ર રહેશે, જે ફોરેન એક્સચેન્જના નિયમનને લગતા હશે.
22. ફોરેક્સપ્લસ કાર્ડનો ભારત, નેપાળ અને ભૂતાનમાં ફોરેન કરન્સી ટ્રાન્ઝેક્શન્સ પરત્વે પેમેન્ટ કરવા માટે ઉપયોગ કરી શકાશે નહીં, એટલે કે નેપાળ અને ભૂતાનમાં કાર્ડનો ઉપયોગ કરાય ત્યારે ટ્રાન્ઝેક્શનની કરન્સી તે દેશોની સ્થાનિક કરન્સી અથવા તો ભારતીય રૂપિયા હોવી જોઈએ.
23. કાર્ડને એક્સચેન્જ કંટ્રોલ રેગ્યુલેશન અથવા અન્ય કારણસર રદ કરાય, તો બેંક કાર્ડના ભારતમાં કે વિદેશમાં કોઈ પણ પ્રકારે ઉપયોગના પ્રયાસ માટે જવાબદાર નહીં રહે જેના કારણે આ કાર્ડનો અસ્વીકાર થશે અને સંલગ્ન મર્ચન્ટ પાસે પ્રસ્તુત કરાવા પર આ કેન્સલ કરેલા કાર્ડને જપ્ત કરવાનો અધિકાર રહેશે.
24. ફોરેક્સપ્લસ કાર્ડનો સમયાંતરે આરબીઆઈ દ્વારા નિર્ધારિત કરાયેલા વિદેશી એસ્ટાબ્લિશમેન્ટમાં ઉપયોગ કરાઈ શકે છે, જે માટે કાર્ડધારક વિદેશ જાય અને તેનો તમામ કાયદેસરના અંગત ખર્ચ માટે ઉપયોગ કરાય, જેની શરત એ રહેશે કે, વિદેશની સફર દરમિયાન વપરાયેલું કુલ એક્સચેન્જ તેની નિર્ધારિત મર્યાદાને ઓળંગે નહીં. વિદેશમાં ખરીદીને ભારતમાં માલસામાનની

આયાતનું સંચાલન જે-તે સમયે અમલમાં રહેલા બેગેજ નિયમો/એક્ઝીમ પોલિસી દ્વારા થશે. એક્સચેન્જની અમલપાત્રતાનું નિર્ધારણ બેંકની અધિકૃત ડીલર બ્રાન્યમાંથી (ટ્રીપ પહેલાં) નિર્ધારણ કરાવવાનું રહેશે. એવા રેમિટન્સ માટે આ કાર્ડનો ઉપયોગ નહીં કરી શકાય કે જેના માટે વિસ્તૃત નિયમો હેઠળ એક્સચેન્જને જારી કરવાની અનુમતિ નથી. ભારત, નેપાળ અને ભૂતાનમાં નોંધાયેલા મર્ચન્ટ્સ ખાતે કાર્ડનો ઉપયોગ કરીને કોઈ પણ પેમેન્ટ/ટ્રાન્ઝેક્શન કરવાની બેંક અનુમતિ આપતી નથી.

25. સમયાંતરે અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદાઓ, નિયમો તથા નિયમનોના ઉલ્લંઘનના કોઈ પણ સંજોગોમાં કાર્ડધારક સંલગ્ન સત્તાવાળાઓને સંપૂર્ણપણે જવાબદાર રહેશે. સમયાંતરે અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદાઓ, નિયમો તથા નિયમનોના ઉલ્લંઘનના કોઈ પણ સંજોગોને પગલે થનારા કોઈ પણ પ્રત્યક્ષ, પરોક્ષ અથવા પરિણામલક્ષી નુકસાન અથવા હાનિ માટે બેંક જવાબદાર નહીં રહે.
26. કાર્ડધારક આ સાથે સમયાંતરે અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદાઓ, નિયમો તથા નિયમનોના કાર્ડધારક દ્વારા ઉલ્લંઘનના કોઈ પણ સંજોગોના પરિણામે અથવા તેના લીધે ઉદભવનારાં તમામ પગલાં, દાવા અને પડતરો, ચાર્જિસ તથા ખર્ચ માટે બેંકને ક્ષતિપૂર્તિ કરી આપવા માટે સંમત થઈને ક્ષતિપૂર્તિની ખાતરી આપે છે.
27. કાર્ડ રદ થવાના સંજોગોમાં (અથવા સમયાંતરે અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદાઓ, નિયમો તથા નિયમનોના ઉલ્લંઘનના પરિણામ સ્વરૂપે તેના ઉપયોગને બંધ કરાય તો) કાર્ડના ઉપયોગના કોઈ પણ પ્રયાસ/ઉપયોગ માટે બેંક જવાબદાર નહીં રહે, જેના પરિણામે કાર્ડનો અસ્વીકાર કે અન્યત્ર થઈ શકે છે. આવા રદ કરાયેલા (અને/અથવા સસ્પેન્ડ કરાયેલા) કાર્ડને પ્રસ્તુત કરાવા પર તેનો અસ્વીકાર થવાનું જોખમ આવી વ્યક્તિ અને/અથવા કાર્ડધારકનું તેમની વ્યક્તિગત ક્ષમતા મુજબ જોખમ રહેશે.
28. બેંક અને કાર્ડધારક વચ્ચેના સંબંધોને અસર કરે તે રીતે નિયમો, કાયદા અથવા નિયમનોમાં કોઈ પણ ફેરફાર થશે, તો બેંક દ્વારા બેંકની વેબસાઈટ પર તેને ડિસ્પ્લે કરીને આવા ફેરફાર વિશે કાર્ડધારકને જાણ કરાશે, અને આવા ડિસ્પ્લેને જ સુધારેલા કાયદા, નિયમો અથવા નિયમનો વિશે કાર્ડધારકને યોગ્ય નોટિસ પાઠવ્યા બરાબર ધારી લેવાશે.

માન્યતા

29. ફોરેક્સપ્લસ કાર્ડ ભારત, નેપાળ અને ભૂતાન બહાર માન્ય છે. જો કે, કાર્ડ ભારત, નેપાળ અને ભૂતાનમાં રજિસ્ટર થયેલા મર્ચન્ટ્સને પેમેન્ટ માટે માન્ય નહીં ગણાય.
30. આ કાર્ડ તેની એક્સપાયરીના વર્ષમાંના જે-તે મહિનાની છેલ્લી તારીખ સુધી માન્ય રહેશે, જે કાર્ડ પર અંકિત કરાયેલું હશે. કાર્ડ એક્સપાયર થઈ જવા પર, કાર્ડધારકે તેને મેગ્નેટિક સ્ટ્રીપ અને ચીપ ફાટી જાય તે રીતે અડધેથી કાપી નાંખીને કાર્ડને નષ્ટ કરી દેવાનું રહેશે. આ કાર્ડ રિન્યુ થવા પાત્ર નથી. ગ્રાહકે નવા કાર્ડ માટે અરજી કરવાની રહેશે.
31. આ કાર્ડ નેટવર્ક પાર્ટનર્સ (વિઝા/માસ્ટરકાર્ડ)ના સભ્ય હોય તેવી કોઈ પણ બેંકના એટીએમ, વિદેશમાંના એટીએમ નેટવર્ક અને વિદેશમાંના કોઈ પણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ પર સ્વીકાર્ય રહેશે.
32. વિઝા/માસ્ટરકાર્ડની સ્વીકૃતિ નેટવર્ક પાર્ટનર્સ (વિઝા/માસ્ટરકાર્ડ)ની માર્ગદર્શિકા મુજબ થશે અને તેના વિશેની માહિતી તેની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. કાર્ડધારકો જે દેશ/શહેરોમાં એચડીએફસી બેંક ફોરેક્સપ્લસ કાર્ડનો ઉપયોગ કરવા માટે છે ત્યાં આ કાર્ડની સ્વીકૃતિને કાર્ડધારકોએ ચકાસી લેવાની રહેશે. કોઈ પણ દેશમાંના એટીએમ અથવા મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે એચડીએફસી બેંક ફોરેક્સપ્લસ કાર્ડની સ્વીકૃતિ/બિન-સ્વીકૃતિ માટે બેંક જવાબદાર રહેશે નહીં.
33. અહીં ઉલ્લેખિત નિયમો અને શરતો સિવાયના કોઈ ઉદ્દેશ માટે અથવા બિનઅધિકૃત સ્થળે કાર્ડનો ઉપયોગ ચુસ્તપણે પ્રતિબંધિત છે અને તેના પરિણામો આવી શકે છે જેમાં બેંક દ્વારા કાર્ડને રદ કરવાનો પણ સમાવેશ થાય છે, પરંતુ તે પૂરતા મર્યાદિત નથી.

કાર્ડ પરની કરન્સી

34. કાર્ડમાંની કરન્સી વોલેટ આ ફોરેક્સપ્લસ કાર્ડ સાથે તેના ફીચર્સમાં કરાયેલા ઉલ્લેખ મુજબ જોડાયેલી રહેશે. જો કે, બેંક પોતાની સંપૂર્ણ મુનસફી મુજબ આગોતરી નોટિસ પાઠવ્યા વિના, ઉપલબ્ધ કરન્સીના સભ્યોમાં વધારો કે ઘટાડો કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.
35. કાર્ડધારક, અથવા અન્ય કોઈ પણ સુયોગ્ય અધિકૃત વ્યક્તિ પાસે, કાર્ડમાં લોડિંગનો (મૂલ્યવૃદ્ધિ) વિકલ્પ રહેશે.
36. ફન્ડિંગ એકાઉન્ટધારક અને ફોરેક્સપ્લસ કાર્ડ અરજદારના નામ એક જ હોવા જોઈએ. નામ મેળ નહીં ખાવાના સંજોગોમાં, લોડિંગ/રિલોડિંગની વિનંતી ફગાવી દેવાશે, અને ફંડની રકમ કામકાજના બે (2) દિવસની અંદર કાર્ડધારકના એકાઉન્ટમાં પરત જમા કરાવી દેવાશે.
37. કાર્ડધારક, અથવા અન્ય સુયોગ્ય અધિકૃતતા ધરાવનારી વ્યક્તિની માન્યતાની અવધિ દરમિયાન ફોરેન એક્સચેન્જ વડે કાર્ડને લોડેડ અથવા રિલોડેડ કરી શકાશે, જે માટે સમયાંતરે બેંક દ્વારા જરૂરી ફોર્મેટમાં લોડિંગની સૂચના આપવાની રહેશે.
38. કાર્ડધારકને એક વખત અપાયેલી સૂચનાઓ અંતિમ અને બંધનકર્તા રહેશે અને કાર્ડધારક પાસે બેંકની સંમતિ વિના તેમાં સુધારા કરવા કે રદ કરવાનો કોઈ અધિકાર નહીં રહે. ઉપરોક્ત બાબતો સાથે પૂર્વગ્રહ ન થાય તે રીતે, કોઈ પણ સૂચનામાં ફેરફાર અથવા સુધારા કરવાના પરિણામે થનારા કોઈ પણ નુકસાનને કાર્ડધારકે વહન કરવાનું રહેશે.

પ્રિપેઈડ નેટબેન્કિંગ સુવિધા

39. ફોરેક્સપ્લસ કાર્ડને જારી કરવાના સમયે, કાર્ડધારકને આઈપીન જારી કરાશે જેના દ્વારા કાર્ડધારક પાસે પોતાના તમામ ભાવિ ટ્રાન્ઝેક્શન્સ માટે કાર્ડના સંબંધમાં ઓફર કરાતી પ્રિપેઈડકાર્ડ નેટબેન્કિંગ પોર્ટલ સેવાઓ સુધી પહોંચ પ્રાપ્ત કરવાનો અધિકાર રહેશે.
40. એક કરન્સી વોલેટમાં રહેલા બેલેન્સને તેમાંથી બીજા કરન્સી વોલેટમાં પ્રિપેઈડકાર્ડ નેટબેન્કિંગ દ્વારા ટ્રાન્સફર કરવાનો પણ કાર્ડધારક પાસે અધિકાર રહેશે, જે માટે બેંક દ્વારા નિર્ધારિત કરાયેલો લાગુ થવા પાત્ર કરન્સી એક્સચેન્જ રેટ અમલી બનશે અને આવા બેલેન્સ ટ્રાન્સફરના સમયે તેનો સંદેશાવ્યવહાર કરી દેવાશે. ઓનલાઈન વોલેટ-ટુ-વોલેટ ટ્રાન્સફર કરવાનો ઉદ્દેશ/ઈરાદો ચુસ્તપણે માત્ર આંતરરાષ્ટ્રીય ટૂર દરમિયાન સંલગ્ન દેશમાં અંગત વપરાશ માટે જ પોઈન્ટ ઓફ સેલ (પીઓએસ)/એટીએમ રોકડ ઉપાડ/ઈ-કોમર્સ ટ્રાન્ઝેક્શન કરવાનો હોવો જોઈએ.
41. કાર્ડધારક દ્વારા મહત્તમ ફોરેન એક્સચેઈન્જ નફો મેળવવા તેમજ સટ્ટાકીય નફો પ્રાપ્ત કરવાના ઈરાદે કોઈ પણ વોલેટ-ટુ-વોલેટ ટ્રાન્ઝેક્શન કરાવાના સંજોગોમાં કાર્ડને કાયમી ધોરણે બ્લોક કરી દેવા તેમજ આવા રળાયેલા નફાની રકમ માટે કાર્ડમાં ઉધારની એન્ટ્રી પાડવાનો બેંક પાસે અબાધિત અધિકાર રહેલો છે.
42. પ્રિપેઈડકાર્ડ નેટબેન્કિંગ સર્વિસ દ્વારા, કાર્ડધારક પાસે એટીએમ પીનને પણ કસ્ટમાઈઝ કરવાનો અધિકાર રહેલો છે જેના માટે કાર્ડધારકે વિઝા/પ્લસ/માસ્ટરકાર્ડ એટીએમ નેટવર્કના સભ્ય હોય તેવા કોઈ પણ બેંકના એટીએમ (ઈન્ટરનેશનલ)માં જવું પડશે.
43. એ વાતની પણ ચોખવટ કરવામાં આવે છે કે એટીએમ પીન/આઈપીનમાં કરેલા સુધારા તેમજ તેને સુરક્ષિત જાળવવા માટે કાર્ડધારક જ સંપૂર્ણપણે જવાબદાર રહેશે.
44. કાર્ડધારક સમજે છે કે, તેને કોઈ પણ ઈલેક્ટ્રોનિક સુવિધા માત્ર કાર્ડધારકની સુગમતા માટે જ પૂરી પાડવામાં આવે છે. કાર્ડધારક સંમત થઈને અનુમોદન કરે છે કે, આવા ઈલેક્ટ્રોનિક માધ્યમે કરાયેલો સંદેશાવ્યવહાર ત્રાહિત પક્ષકારો દ્વારા અનધિકૃત પહોંચ અને/અથવા ટ્રાન્સમિશનમાં ક્ષતિને કારણે સંદેશાવ્યવહારમાં સુધારા અથવા હાનિના પરિણામે ઈન્ટરફેસ અથવા સુધારાને આધિન રહેલો છે. એ વાતની પણ સ્પષ્ટતા કરાય છે કે, બેંક પોતાને સુયોગ્ય રીતે પ્રાપ્ત થયેલા આવા સંદેશાવ્યવહાર પર અવલંબિત રહેવાનો તેમજ આવા સંદેશાવ્યવહારની અધિકૃતતા, માન્યતા અથવા સચ્ચાઈની સ્વતંત્ર ખરાઈ કરાવવાની આવશ્યકતા કે ફરજબદ્ધ થયા વિના તે મુજબ વર્તવાનો અધિકાર ધરાવે છે.

કાર્ડધારકની ફરજો

45. કાર્ડધારકે હંમેશા એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે કાર્ડને સુરક્ષિત જગ્યાએ રાખવામાં આવે, અને કાર્ડ જારી કરવાના સમયે બેંક દ્વારા જારી કરાયેલા એટીએમ પીન/આઈપીનને પણ ગુપ્ત રખાય. કાર્ડધારકે કોઈ પણ સંજોગોમાં અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કાર્ડના ઉપયોગને અનુમતિ આપવી નહીં. કાર્ડને પ્રાપ્ત કર્યા બાદ કાર્ડધારક તુરત તેની પાછળના ભાગે સહી કરશે.
46. કાર્ડના સંબંધમાં બેંક દ્વારા અમલી બનાવાયેલા કોઈ પણ સુરક્ષાને લગતાં પગલાં સાથે નિસબત ન રહે તેમ, બેંકને કોઈ પણ ત્રાહિત વ્યક્તિને કાર્ડધારક દ્વારા એટીએમ પીન/આઈપીનનો એક્ટિવેશન કોડ જણાવવાના કારણ સહિત તેવી વ્યક્તિ દ્વારા કાર્ડના કોઈ પણ દુરુપયોગ માટે બેંકને જવાબદાર ઠેરવી શકાશે નહીં.
47. પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર (પીન): એટીએમમાંથી રોકડના ઉપાડ તેમજ બેલેન્સ ઈન્ક્વાયરી માટે ઉપયોગ કરવા બેંક દ્વારા કાર્ડધારકને પીન ફાળવવામાં આવશે. કાર્ડધારક પાસે અહીં ઉલ્લેખિત જોગવાઈઓના અનુસરણમાં, પ્રિપેઈડકાર્ડ નેટબેન્કિંગ સુવિધાઓનો ઉપયોગ કરીને એટીએમ પીનને બદલવાનો અધિકાર રહેશે. આ એટીએમ પીન/આઈપીનની ગોપનીયતા જાળવવા માટે કાર્ડધારક જવાબદાર રહેશે. કાર્ડના અનધિકૃત ઉપયોગ માટે બેંક કોઈ જવાબદારી ધરાવતી નથી.
48. કાર્ડના સંબંધમાં બેંક દ્વારા આપવામાં આવતી તમામ સુવિધાઓ તેમજ કાર્ડના ઉપયોગ માટે તમામ સંલગ્ન ચાર્જિસ માટે કાર્ડધારક જવાબદાર રહેશે.
49. સ્ટેટમેન્ટમાં દર્શાવાયેલા કોઈ પણ ચાર્જના સંબંધમાં કાર્ડધારકને કોઈ તકરાર છે, તો કાર્ડધારકને જે-તે સ્ટેટમેન્ટની તારીખથી 30 દિવસની અંદર બેંકને વિગતો મોકલી આપવાની સલાહ અપાય છે, અને આમ કરવામાં તે નિષ્ફળ રહેશે, તો એવું માની લેવાશે કે તમામ ચાર્જિસ બરાબર અને તેમને સ્વીકાર્ય છે. બેંક પોતાની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને 30 દિવસથી જૂની હોય તેવી કોઈ પણ તકરારને સ્વીકારવાનો ઈનકાર કરી શકે છે.
50. બેંકને કાર્ડધારક અને/અથવા કોર્પોરેટ/એન્ટરપ્રાઈસ દ્વારા ચૂકવવાપાત્ર તેમજ બાકી કોઈ પણ રકમની અલગથી ચૂકવણી નહીં કરાય, તો તેની વસૂલાત બેંક દ્વારા ફોરેક્સપ્લસ કાર્ડમાં ઉપલબ્ધ બેલેન્સમાંથી કરાઈ શકે છે અને/અથવા એચડીએફસી બેંક સમક્ષ કાર્ડધારકના કોઈ પણ એકાઉન્ટમાંથી તે બાકી રકમને ઉધારી શકે છે.
51. આ કાર્ડ કોઈ પણ સંજોગોમાં કાર્ડધારક દ્વારા અન્ય કોઈ વ્યક્તિને ટ્રાન્સફર કે એસાઈન કરવાને પાત્ર નથી.
52. એક જ કરન્સીમાં એક કરતા વધુ કાર્ડની ખરીદી કરવાને અનુમતિ નથી.
53. ફોરેક્સપ્લસ કાર્ડ/વોલેટમાં લોડ કરાયેલા ફંડ્સ સંબંધે કોઈ પણ વ્યાજ રળવાનો કાર્ડધારક પાસે અધિકાર નથી અને આવા ફંડ એચડીએફસી બેંક સમક્ષ કાર્ડધારક દ્વારા કોઈ ડિપોઝીટ રખાયાનું ફલિત નથી કરતું. આ કાર્ડથી કાર્ડધારકને કોઈ પણ ઓવરડ્રાફ્ટ/ક્રેડિટ સુવિધા મેળવવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી.

54. તમે સંમત થઈને કોઈ પણ ગેરકાયદેસરના કામો માટે પેમેન્ટ કરવા અથવા ખરીદી કરવા એટલે કે ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન્સ અનુસાર આરબીઆઈ દ્વારા અનુમતિ ન અપાઈ હોય તેવી ચીજો/સેવાઓની ખરીદી કરવા આ કાર્ડનો ઉપયોગ નહીં કરવાની ખાતરી આપો છો.

વણખર્ચાયેલા ફોરેન એક્સચેન્જ સંબંધમાં કાર્ડધારકની ફરજ

55. વણવપરાયેલા/વણખર્ચાયેલા ફોરેન એક્સચેન્જને કાર્ડધારકે આવી પ્રાપ્તિ/સ્વીકૃતિ/ખરીદી/હસ્તાંતરણ અથવા ભારત પરત આવ્યામાંથી જે પણ સંજોગો હોય તે તારીખથી 180 દિવસના સમયગાળાની અંદર બેંક સમક્ષ જમા કરાવી દેવાનું રહેશે, જે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ (રિયલાઈઝેશન, રિપાર્ટ્રિએશન એન્ડ સરેન્ડર ઓફ ફોરેન એક્સચેન્જ) નિયમનો, 2015ના અનુસરણમાં રહેશે.

વણવપરાયેલા બેલેન્સનું રિડમ્પશન

56. જેમને કાર્ડ જારી કરવામાં આવ્યું છે તેમના દ્વારા વિનંતી કરાવા પર બેંકે તુરત જ કાર્ડમાં રહેલા બાકી વણવપરાયેલા બેલેન્સને રિડિમ કરી આપવાનું રહેશે જે આરબીઆઈના અમલ હેઠળના નિર્દેશોના અનુસરણમાં ચોક્કસ રકમને જાળવી રાખવાને આધિન રહેશે.

કાર્ડ ખોવાવું અથવા ચોરાઈ જવું

57. કાર્ડધારકને ખબર પડે કે તેનું કાર્ડ ખોવાઈ ગયું છે અથવા ચોરાયું છે અથવા તેનો દુરુપયોગ થયો છે તો તેમણે તાત્કાલિક બેંકના કસ્ટમર કેર ખાતે બેંકને જાણ કરવાની રહે છે.
58. કાર્ડ ખોવાઈ જાય કે ચોરાય અથવા તેનો દુરુપયોગ થાય, તો કાર્ડધારકે તુરત તેને પૂરા પડાયેલા તાત્કાલિક પ્રિપેઈડ કાર્ડ નેટબેન્કિંગ દ્વારા પૂરા પડાયેલા ટોલ-ફ્રી નંબર (અહીં ક્લિક કરો) પર કોલ કરીને અથવા નજીકની બ્રાન્ચની મુલાકાત લઈને કાર્ડને હોટલિસ્ટ કરાવવું ફરજિયાત છે. આવું કાર્ડ ખોવાય અથવા ચોરાય તે પછી કાર્ડ પર કોઈ પણ અનધિકૃત ટ્રાન્ઝેક્શન કરવામાં આવે તો તે સંજોગોમાં કાર્ડધારકે સ્થાનિક પોલીસમાં પણ એક રિપોર્ટ ફાઈલ કરીને તેની એક નકલને ત્યારબાદ બેંકને મોકલી આપવાની રહેશે. કાર્ડને હોટ-લિસ્ટેડ કરવામાં ન આવે ત્યાં સુધી કાર્ડ પર સર્જાયેલા તમામ ચાર્જિસની ચૂકવણી માટે કાર્ડધારક જવાબદાર રહેશે.

    કાર્ડ પર સહી ન કરાવાના સંજોગોમાં, તેની પર થનારા તમામ ચાર્જિસ માટે કાર્ડધારક જવાબદાર રહેશે. બેંક સુયોગ્ય વેરિફિકેશન કરીને કાયમ માટે કાર્ડને સસ્પેન્ડ કરી દેશે અને આના કારણે કાર્ડધારકને થનારી કોઈ પણ અસુવિધા માટે બેંક જવાબદાર નહીં રહે. આવી સૂચના પ્રાપ્ત થયે બેંક તાત્કાલિક કાર્ડને હોટલિસ્ટ/રદ કરી દેશે.
59. કાર્ડધારક વિદેશમાં કાર્ડ ખોઈ બેસે અને તેને તાત્કાલિક રોકડની જરૂર પડે, તો કાર્ડધારક વધુ સહાયતા માટે 24*7 ફોન બેન્કિંગ નંબર્સ (અહીં ક્લિક કરો) પર કોલ કરી શકે છે. કાર્ડધારકે ટ્રાન્ઝેક્શન દરમિયાન તમામ તબક્કે કરન્સી કન્વર્ઝન સંબંધિત તમામ ખર્ચને ભોગવવા પડશે.
60. કાર્ડધારકે એ વાતની નોંધ લેવી પડશે કે એક વખત કાર્ડ ખોવાયા, ચોરાયા અથવા નુકસાન પામેલાનો રિપોર્ટ કરાય અને તે પછીથી તે મળી આવે, તો તેને મેગસ્ટ્રીપ અને ચીપને અધવચ્ચેથી યોગ્ય રીતે ફાડીને બેંકને પરત કરવાનું તેમજ તેના દુરુપયોગની રોકથામ માટે પર્યાપ્ત કાળજી રાખવાની રહેશે.
61. ફોરેક્સપ્લસ કાર્ડની સલામતી માટે કાર્ડધારક જવાબદાર છે અને તેમણે તેને સુરક્ષિત રીતે જાળવી રાખવા તમામ પગલાં ભરવાનું સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઈ સંજોગોમાં બેંકને એવું લાગે કે ઉપર ઉલ્લેખિત પગલાં શંકાને પાત્ર છે, તો ખોવાયેલા કે ચોરાયેલા કાર્ડની નાણાકીય જવાબદારી કાર્ડધારકના શિરે રહેશે.
62. કાર્ડધારકે આ સંબંધે તમામ નિયમો અને શરતોનું તમામ સંબંધમાં અનુસરણ કર્યું હશે તો તે સંજોગોમાં બેંક દ્વારા રિપ્લેસમેન્ટ કાર્ડ જારી કરાઈ શકે છે.

એટીએમ ઉપયોગ

63. ફોરેક્સપ્લસ કાર્ડનો એટીએમ લોકેશન પર ગોપનીય એટીએમ પીનની મદદથી ઉપયોગ કરી શકાય છે. એટીએમ પીન કદી પણ કોઈને આપવો ન જોઈએ અથવા તો એવી રીતે લખી રાખવો ન જોઈએ કે જેથી તે અન્ય કોઈ વ્યક્તિને મળી જાય. આવી રીતે એટીએમ પીનને જાહેર કરવા કે તેની ગોપનીયતાના રક્ષણ માટે અપર્યાપ્ત પગલાં ભરવાનું જોખમ સંપૂર્ણપણે કાર્ડધારકના શિરે રહેલું છે. એટીએમ પીનના ઉપયોગ વડે કરાયેલા તમામ ટ્રાન્ઝેક્શનની જવાબદારી કાર્ડધારકની રહેશે અને જે-તે જનરેટ થયેલા ટ્રાન્ઝેક્શનના રેકોર્ડનું તેમણે અનુસરણ કરવાનું રહેશે.
64. ફોરેક્સપ્લસ કાર્ડ એવા કોઈ પણ એટીએમ પર સ્વીકાર્ય છે કે જે વિદેશના ઈન્સ્ટિટ્યૂશન્સને લગતા નેટવર્કનો (વિઝા/પ્લસ/માસ્ટરકાર્ડ) હિસ્સો છે. આવી સેવાઓ સહિત પરંતુ તે પૂરતી મર્યાદિત ન રહે તેમ અન્ય ઈન્સ્ટિટ્યૂશન્સ સાથે કાર્ડધારકે કરેલા કોઈ પણ વ્યવહારની જવાબદારી બેંક સ્વીકારશે નહીં. વિઝા/પ્લસ/માસ્ટરકાર્ડ એટીએમ નેટવર્ક એસ્ટાબ્લિશમેન્ટ સંબંધે કાર્ડધારકને કોઈ પણ ફરિયાદ હશે, તો આ મામલાનો નિવેડો કાર્ડધારક અને એસ્ટાબ્લિશમેન્ટે લાવવાનો રહેશે અને આમ કરવામાં નિષ્ફળતા સાંપડશે તો પણ બેંક તરફી કોઈ પણ ફરજમાંથી તેઓને મુક્તિ નહીં મળે. જો કે, કાર્ડધારકે બેંકને તેમની ફરિયાદ વિશે તાત્કાલિક જાણ કરવાની રહેશે.

65. બેંક દ્વારા સમયાંતરે ઘોષિત કરાતી સુવિધાઓ માટે અલગથી સર્વિસ ચાર્જ વસૂલવામાં આવશે, અને આવા ચાર્જિસને બેંક દ્વારા કાર્ડ પર ઉપલબ્ધ બેલેન્સમાંથી કપાત કરીને વસૂલવામાં આવશે. આવા સર્વિસ ચાર્જને કાપી શકાય તે માટેનું પર્યાપ્ત બેલેન્સ કાર્ડમાં ન હોય તેવા સંજોગોમાં, બેંક આવા ટ્રાન્ઝેક્શન્સને નકરાવાનો અધિકાર ધરાવે છે અને આવા ટ્રાન્ઝેક્શનનો ઈનકાર કરવાના પરિણામે ઉદભવનારા તમામ સંજોગો માટે બેંક જવાબદાર રહેશે નહીં. બેંક પાસે વર્તમાનના કે ભવિષ્યના અન્ય લિયન અથવા ચાર્જ, કાર્ડમાં રહેલા તમામ બેલેન્સના મૂલ્ય અથવા તેની સમક્ષના વોલેટમાંની કોઈ પણ કરન્સીનું તમામ બાકી લેણાંની મર્યાદા સુધી સમાધાન કરવાનો અધિકાર રહેલો છે, પછી તે બેંક દ્વારા પૂરી પડાયેલી કોઈ પણ સેવાના પરિણામે ઉદભવેલી હોય.
66. એચડીએફસી બેંકને કોઈ પણ સેવા પૂરી પાડવા અથવા તેની કોઈ પણ ફરજને અદા કરવામાંની નિષ્ફળતા માટે જવાબદાર ઠેરવી શકાશે નહીં, કે જેના હેઠળ આવી નિષ્ફળતા (પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે) એટીએમ/પીઓએસ મશીન/પેમેન્ટ ગેટવે/ઓનલાઈન પોર્ટલ અથવા કાર્ડમાં હંગામી, અપર્યાપ્ત ફંડ, કોઈ પણ તકરાર અથવા તેના નિયંત્રણ બહારના કોઈ પણ સંજોગોના કારણે સર્જાઈ હોય.
67. કાર્ડધારકે ધારણ કરેલા ફંડ્સ કરતા ઉધારની રકમ વધી જાય તો, કાર્ડધારક બેંકને આવી વધારાની રકમને તેના બેંક સાથેના એકાઉન્ટ્સમાંથી ઉધારવા અને/અથવા બેંક સમક્ષ તેમનું આવું કોઈ ઓપરેટિંગ એકાઉન્ટ ન હોય તો આવી ઉપયોગ કરેલી વધારાની રકમને બેંકને રિએમ્બર્સ કે પરત કરી આપવાની રહેશે.
68. કાર્ડ અને તેને સંબંધિત પીનના ખોવાવા/જારી કરાવા સંબંધિત ઉદભવનારા કોઈ પણ નુકસાન અથવા કોઈ પણ પરિણામલક્ષી અથવા અપ્રત્યક્ષ હાનિમાંથી જે પણ હશે તેના માટે બેંકને જવાબદાર ઠેરવી શકાશે નહીં.
69. કાર્ડને જે દેશમાં જારી કરવામાં આવ્યું હોય તે સિવાયના અન્ય કોઈ દેશમાં એટીએમ સેવાની ઉપલબ્ધતાનું સંચાલન જે-તે દેશમાંના અમલી સ્થાનિક નિયમન દ્વારા કરાશે. આવી સેવાઓને કોઈ નોટિસ આપ્યા વિના પાછી ખેંચી લેવાશે તો બેંક તેના માટે જવાબદાર રહેશે નહીં.
70. અમુક ઈન્ટરનેશનલ એટીએમ ઉપાડ પર વધારાની ફી વસૂલી શકે છે. આ ફી એચડીએફસી બેંક દ્વારા ચાર્જ કરાતી એટીએમ ઉપાડ ફીથી અલગ અને ઉપર રહેશે. આ ફી અલગ પારિભાષિક શબ્દો દ્વારા જોવા મળી શકે છે જેનો આધાર વિદેશી બેંક પર રહેલો છે, દા.ત. એટીએમ એક્સેસ ફી, એટીએમ ઓનરશીપ ફી.
71. આવી ફી માટે એચડીએફસી બેંક જવાબદાર નથી અને કાર્ડના ઉપયોગના કારણે તેને વસૂલવામાં આવશે તો તેને તે પરત કરી શકશે નહીં.

એલર્ટ

72. બેંક, પોતાને યોગ્ય લાગે તેવા કોઈ પણ માધ્યમે કાર્ડના ઉપયોગ/ધારણ કરવા સંબંધિત એલર્ટ કાર્ડધારકને મોકલવાનું પસંદ કરી શકે છે, જેમાં ઈમેઈલ અને/અથવા એસએમએસ માધ્યમ સામેલ થઈ શકે છે પરંતુ તે પૂરતું મર્યાદિત નહીં રહે. આવા એલર્ટ મોકલવાના હેતુ માટે, બેંક પાસે અરજીપત્રમાં કાર્ડધારક દ્વારા પૂરી પડાયેલી અથવા ત્યારબાદ લેખિતમાં અપાયેલી કોઈ પણ માહિતી પર અવલંબિત રહેવાનો અધિકાર રહેશે. બેંક પોતાને યોગ્ય લાગે તે રીતે કોઈ પણ સમયે આવી એલર્ટ સુવિધાને સુધારી કે તેમાં ફેરફાર કરી શકે છે.
73. તમારા ઈમેઈલ આઈડી અને/અથવા તમારા મોબાઈલ નંબરમાં કોઈ પણ ફેરફાર થવાના સંજોગોમાં, તમારે તેને પ્રિપેઈડ કાર્ડ નેટબેન્કિંગ દ્વારા અથવા તો આવા ફેરફાર વિશે એચડીએફસી બેંકની બ્રાન્ચ પર લેખિતમાં વિનંતી આપીને અપડેટ કરાવવી જરૂરી છે. તમારા પક્ષે અથવા સંલગ્ન ટેલિકોમ ઓપરેટરના પક્ષે અથવા બેંકના વાજબી નિયંત્રણમાં હોય તેવા કોઈ પણ ટેકનિકલ કારણસર આવી એલર્ટ તમને પ્રાપ્ત ન થવાના સંજોગોમાં તમને થનારા કોઈ પણ નુકસાન, હાનિ અથવા અસુવિધા માટે બેંક જવાબદાર રહેશે નહીં.

મર્ચન્ટ લોકેશન યુઝેજ

74. ફોરેક્સપ્લસ કાર્ડ વિદેશમાંના એવા તમામ ઈલેક્ટ્રોનિક મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે સ્વીકાર્ય છે જ્યાં નેટવર્ક પાર્ટનરનો (વિઝા/માસ્ટરકાર્ડ) લોગો દર્શાવાશે.
75. આ કાર્ડનો હેતુ ફક્ત ઈલેક્ટ્રોનિક ઉપયોગનો જ છે અને તે માત્ર ઈડીસી ટર્મિનલ ધરાવનારા અથવા સ્વીકાર્ય પેમેન્ટ ગેટવે દ્વારા ઓનલાઈન પેમેન્ટ્સ માટે કાર્ડનો સ્વીકાર કરનારા મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે જ સ્વીકાર્ય રહેશે. મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સ ખાતે ઈન્સ્ટોલ કરેલા ઈડીસી ટર્મિનલ પર કાર્ડધારકની સહી/એટીએમ પીનની મદદથી, અથવા સંલગ્ન વેબસાઈટ્સ પર કાર્ડના ઉપયોગ દ્વારા આ કાર્ડ સ્વીકાર્ય/ઓપરેટ કરવાને પાત્ર રહેશે. ઈલેક્ટ્રોનિક ઉપયોગ સિવાય આ કાર્ડના કોઈ પણ ઉપયોગને અનધિકૃત કરવામાં આવશે અને આવા ટ્રાન્ઝેક્શન્સ માટે કાર્ડધારક જ સંપૂર્ણપણે જવાબદાર રહેશે. આ ફકરા 4માંના ઉદ્દેશ માટે, "ઈલેક્ટ્રોનિક ઉપયોગ"ની ગણના મર્ચન્ટ્સ દ્વારા ઓનલાઈન મોડમાં પ્રોસેસ કરાયેલા ટ્રાન્ઝેક્શન તરીકે ગણવામાં આવશે અને જ્યાં ઈડીસી ટર્મિનલ પર ચાર્જ સ્લિપ/ટ્રાન્ઝેક્શન સ્લિપ ઈલેક્ટ્રોનિક રીતે પ્રિન્ટ કરાય છે, અથવા બેંકને સ્વીકાર્ય પેમેન્ટ ગેટવે દ્વારા ઓનલાઈન પેમેન્ટ કરવામાં આવશે.
76. એક વખત ઈડીસી ટર્મિનલ સેલ્સ સ્લિપને જનરેટ કરી દેશે એટલે ટ્રાન્ઝેક્શન્સને અધિકૃત કરી દીધેલું ગણી લેવાશે. ટ્રાન્ઝેક્શનની રકમને કાર્ડમાં ઉપલબ્ધ બેલેન્સમાંથી તાત્કાલિક ઉધારી દેવાશે. કાર્ડધારકે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે કાર્ડનો દરેક ખરીદી માટે મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે ફક્ત એક જ વખત ઉપયોગ કરવામાં આવે. કાર્ડનો જ્યારે પણ ઉપયોગ

કરાશે તે દરેક વખતે સેલ્સ સ્લિપ પ્રિન્ટ થશે અને કાર્ડધારકે સુનિશ્ચિત કરવાનું રહેશે કે આવા દરેક ઉપયોગના સમયે જે-તે મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે કાર્ડનો એક કરતા વધુ વખત ઉપયોગ ન કરાય.

77. કાર્ડધારક દ્વારા મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે માલસામાન અને સેવાને પૂરી પાડવા સહિત પરંતુ તે પૂરતું મર્યાદિત ન રહે તે રીતેના કોઈ પણ વ્યવહાર માટેની જવાબદારી બેંક સ્વીકારશે નહીં. કોઈ પણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટને લગતી કોઈ પણ ફરિયાદ કાર્ડધારકને હોય, તો આ મામલાનો નિવેડો કાર્ડધારકે જે-તે મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ સાથે મળીને લાવવાનો રહેશે અને આમ કરવામાં તે નિષ્ફળ રહેશે તો પણ તેઓ બેંક પ્રત્યેની કોઈ પણ ફરજમાંથી મુક્ત થઈ જતા નથી. જો કે, કાર્ડધારકે પોતાની ફરિયાદ વિશે બેંકને તાત્કાલિક જાણ કરી દેવાની રહેશે.

78. કોઈ પણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ અથવા એટીએમ સર્વિસ પૂરી પાડનારી બેંક/એટીએમ નેટવર્ક દ્વારા વસૂલાયેલા કોઈ પણ સર્વિસ ચાર્જ તેમજ ટ્રાન્ઝેક્શન રકમની સાથે કાર્ડમાંથી બેલેન્સ કાપી લેવા અંગે બેંક કોઈ જવાબદારી સ્વીકારતી નથી.

79. કાર્ડધારકે જ્યારે પણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે કાર્ડનો ઉપયોગ થાય ત્યારે સેલ્સ સ્લિપ પર સહી કરવી અને તેની એક નકલ પોતાની પાસે જાળવી રાખવી. બેંક વધારાનો ચાર્જ વસૂલીને સેલ્સ સ્લિપની નકલો પૂરી પાડી શકે છે. કાર્ડધારકે વ્યક્તિગત સહી ન કરી હોય તેવી કોઈ પણ સેલ્સ સ્લિપને જો કાર્ડધારકે જ અધિકૃત હોવાની બાબતને પૂરવાર કરી શકાશે, તો તે કાર્ડધારકને બંધનકર્તા રહેશે.

80. મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ પાસેથી બેંકને પેમેન્ટ માટે પ્રાપ્ત થનારા કોઈ પણ ચાર્જ અથવા અન્ય પેમેન્ટની રકમને એ વાતનો સબળ પૂરાવો ધારી લેવાશે કે આ ચાર્જની આવી રેક્વિઝિશન પર નોંધ થઈ છે અને તેને જે-તે રકમ સાથે મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતે લાગુ કરાયો છે અને કાર્ડધારક દ્વારા આ ચાર્જ અથવા અન્ય રેક્વિઝિશનમાંથી જે પણ હશે તેને સંદર્ભિત કરાયો છે, અને તે કાર્ડ ખોવાઈ જવા, ચોરાવા અથવા ગેરરીતિપૂર્ણ ઉપયોગ સિવાય કાર્ડના કોઈ પણ રીતે વપરાશની બાબત હશે, તો તેને પૂરવાર કરવાનું ભારણ કાર્ડધારકના શિરે રહેશે.

81. કોઈ સંજોગોમાં, મર્ચન્ટ કોઈ ક્ષતિ અથવા માલસામાન પરત આવવાના કારણે પૂર્ણ થયેલા ટ્રાન્ઝેક્શનને રદ કરાવવા માગે, તો અગાઉની સેલ્સ રસીદને પણ મર્ચન્ટે ફરજિયાત રદ કરવી પડે અને આવી રદ કરાયેલી રસીદની નકલને તેણે પોતાની પાસે ફરજિયાત જાળવી રાખવી. આવા ટ્રાન્ઝેક્શનને કારણે ઉધારેલી રકમનું રિફંડ/પરત ચૂકવણીને મેન્યુઅલી પ્રોસેસ કરાશે અને કેન્સલ કરેલી સેલ્સ સ્લિપને માગણી કરાયે રજૂ કરવાની રહેશે.

82. કોઈ પણ મર્ચન્ટ/ડિવાઈસની એરર અથવા કોમ્યુનિકેશન લિંકને મેન્યુઅલી પ્રોસેસ કરાવાને લીધે થનારા તમામ રિફંડ અને સમાયોજનોને સુયોગ્ય વેરિફિકેશન બાદ અને નેટવર્ક પાર્ટનર્સના (વિઝા/માસ્ટરકાર્ડ) નિયમો અને નિયમનોને લાગુ પડે તે રીતે અમલી બનાવીને પછી કાર્ડમાં જમા કરાવવામાં આવશે, અને તે બેંક દ્વારા નિર્ધારિત કરન્સીમાં પ્રોસેસ કરાશે. કાર્ડધારક સંમત થાય છે કે, આ સમયગાળા દરમિયાન પ્રાપ્ત થયેલી કોઈ પણ ઉધાર રકમને સ્વીકારવામાં આવશે, જેનો આધાર ફક્ત આ રિફંડને ધ્યાનમાં લીધા વિના એકાઉન્ટ(ટ્સ)માં ઉપલબ્ધ બેલેન્સના આધારે જ નક્કી કરવામાં આવશે. પેમેન્ટ સૂચનાઓના અસ્વીકારના આવા કૃત્યોમાંથી બેંકની ક્ષતિપૂર્તિ કરી આપવા બાબતે પણ કાર્ડધારક બાંહેધરી આપે છે.

83. આ કાર્ડનો ચેક-ઈન (પ્રિ-ઓથોરાઈઝેશન ટ્રાન્ઝેક્શન્સ) દરમિયાન હોટેલ્સ તથા અન્ય એવા સ્થળો ખાતે ઉપયોગ કરવો નહીં જ્યાં ખરીદીના ટ્રાન્ઝેક્શન અથવા સેવા પૂર્ણ થતા પહેલાં ચૂકવણીની વ્યવસ્થા કરવાની રહે છે.

84. આ કાર્ડનો મેઈલ ઓર્ડર/ફોન ઓર્ડર/ઓવર ધ ઈન્ટરનેટ ખરીદી માટે ઉપયોગ કરવો નહીં અને આવા કોઈ પણ ઉપયોગને અનધિકૃત ગણી લેવાશે અને તે માટે કાર્ડધારક સંપૂર્ણપણે જવાબદાર રહેશે. કાર્ડધારકની જવાબદારી સાથે નિસ્બત ન રહે તે રીતે, બેંક પાસે આવા ટ્રાન્ઝેક્શનને રદ કરવાનો અધિકાર રહેશે.

85. માલસામાન અને સેવાઓની ગુણવત્તાઃ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ પાસેથી કાર્ડધારકે પ્રાપ્ત કરેલી અથવા ખરીદેલી સેવાઓ અથવા માલસામાન, વોરન્ટી માટે બેંક કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં, જેમાં ડિલિવરીમાં વિલંબ, ડિલિવરી ન થવી, માલસામાન ન મળવો અથવા કાર્ડધારકે આપેલા ઓર્ડરના બદલામાં ડિફેક્ટિવ માલસામાન મળવાનો સમાવેશ થાય છે. એ વાત પણ બરાબર સમજી લેવી જોઈએ કે આ કાર્ડ સુવિધા સંપૂર્ણપણે કાર્ડધારકને માલસામાન અથવા સેવાઓની ખરીદી અને પ્રાપ્તિ માટે સુવિધા કરી આપવાનો છે અને બેંક જે-તે માલસામાન અથવા સેવાની ક્વોલિટી, ડિલિવરી અથવા અન્યત્ર કોઈ વોરન્ટી નથી આપતી અથવા કોઈ રજૂઆત કરતી નથી અને આ અંગેની કોઈ પણ તકરારનો નિવેડો કાર્ડધારક અને મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટે મળીને લાવવાનો રહેશે.

86. ખરીદી તેમજ ત્યારબાદ માલસામાન/સેવાઓને રદ કરવા બદલ ક્રેડિટને બે અલગ ટ્રાન્ઝેક્શન તરીકે ગણી લેવાશે. આમાં કોઈ રિફંડ માટે તમે અધિકારી હશો તો પણ તેને મર્ચન્ટ પાસેથી પ્રાપ્ત કરવામાં આવશે ત્યારે અને તે પછી જ (કેન્સલેશન ચાર્જિસ કાપ્યા બાદ) તમારા એકાઉન્ટમાં જમા કરાશે. રિફંડની તારીખથી 30 દિવસની અંદર તમારા કાર્ડ એકાઉન્ટમાં ક્રેડિટ જમા ન થાય તો તમારે આ અંગે એચડીએફસી બેંકને જાણ કરવાની રહેશે, અને સાથે એક ક્રેડિટ નોટ/મર્ચન્ટે આપેલી વોઈડ સ્લીપ અથવા મર્ચન્ટનો અધિકૃત કેન્સલેશન લેટર એટલે કે મર્ચન્ચે તેના પોતાના લેટરહેડ પર આપેલું એવું લખાણ કે જેમાં તેમણે નીચેની વિગતોનો (કાર્ડ નંબર, ટ્રાન્ઝેક્શન તારીખ, ટ્રાન્ઝેક્શનની રકમ અને ઓથોરાઈઝેશન કોડ કે જેને રિલિઝ કરવો જરૂરી છે તેનો સમાવેશ કર્યો હોય અને આ લેટર પર મર્ચન્ટે યોગ્ય સહીસિક્કા કર્યા હોય તેને) મોકલી આપવાનો રહેશે. આ સંબંધમાં કોઈ પણ કારણથી થનારા વિલંબ માટે એચડીએફસી બેંક કોઈ જવાબદારી સ્વીકારતી નથી.

કાર્ડનો ઉપયોગ

87. બેંક અહીં ઉપર જણાવ્યા મુજબ કાર્ડ પર બેલેન્સને ઉધાર કરશે, જેનું મૂલ્ય કાર્ડના ઉપયોગ દ્વારા અમલી બનાવાયેલા પેમેન્ટ્સ અને ચાર્જિસ, રોકડ, ફી, માલસામાન અને સેવાઓની તમામ ખરીદીના મૂલ્ય બરાબરની રહેશે ('ટ્રાન્ઝેક્શન'). તમામ ટ્રાન્ઝેક્શન કાર્ડના સ્ટેટમેન્ટમાં જોવા મળશે. આવા સ્ટેટમેન્ટ દર મહિનાના અંતે કાર્ડધારકને પૂરા પડાશે જેમાં કાર્ડનો ટ્રાન્ઝેક્શન

માટે ઉપયોગ કર્યાની વિગતોને રજિસ્ટર્ડ ટપાલના સરનામે ભૌતિક સ્ટેટમેન્ટ દ્વારા અથવા કાર્ડધારકના રજિસ્ટર્ડ ઈમેઈલ એડ્રેસ પર ઈ-મેઈલ દ્વારા મોકલાશે. તદુપરાંત છેલ્લા 6 મહિના માટેના આવા સ્ટેટમેન્ટ્સ પણ પ્રિપેઈડકાર્ડ નેટબેન્કિંગ સુવિધા દ્વારા કાર્ડધારકને ઉપલબ્ધ કરાવાશે.

ટ્રાન્ઝેક્શનને લગતી રકમને ટ્રાન્ઝેક્શન હાથ ધર્યાની તારીખે કાર્ડના બેલેન્સમાંથી ઉધારી દેવામાં આવશે ("ટ્રાન્ઝેક્શન ઓથોરાઈઝેશન") પરંતુ તે સ્ટેટમેન્ટમાં ત્યાં સુધી "પેન્ડિંગ" તરીકે દેખાશે જ્યાં સુધી તેનું સંલગ્ન મર્ચન્ટ/એક્વાયરિંગ બેંક દ્વારા સમાધાન કરી દેવાતું નથી, જેનો સમયગાળો ટ્રાન્ઝેક્શન શરૂ થવાની તારીખથી ("ટ્રાન્ઝેક્શન સમાધાન") 15 દિવસ સુધી વિસ્તારવામાં આવી શકે છે. ટ્રાન્ઝેક્શન સમાધાનની તારીખે અગાઉની ડેબિટ એન્ટ્રીને સંલગ્ન ક્રેડિટ એન્ટ્રીના માધ્યમે રિવર્સ કરી દેવાશે અને જે-તે ટ્રાન્ઝેક્શન માટે નવી ડેબિટ એન્ટ્રી સ્ટેટમેન્ટમાં જોવા મળશે. આ માટે ટ્રાન્ઝેક્શન સ્ટેટમેન્ટની તારીખે જે-તે ટ્રાન્ઝેક્શન "સમાધાન થઈ ગયેલ" તરીકે દર્શાવું જોઈએ.

ટ્રાન્ઝેક્શન ઓથોરાઈઝેશન અને ટ્રાન્ઝેક્શન સમાધાનની તારીખે કાર્ડ પર ડેબિટ કરાયેલી રકમ 4કરન્સી માટેના એક્સચેન્જ રેટમાં ફેરફાર અથવા વધઘટને કારણે અથવા તો મર્ચન્ટ/એક્વાયરિંગ બેંક દ્વારા કોઈ પેનલ્ટી અથવા એડ-ઓન ચાર્જિસની વસૂલાતને લીધે અથવા ટ્રાન્ઝેક્શન ઓથોરાઈઝેશનની તારીખે ખતવણી ન કરાયેલા કોઈ વધારાના ખર્ચ/ચાર્જના કારણે બદલાઈ શકે છે. ટ્રાન્ઝેક્શન સમાધાનના દિવસે ઉધારાયેલી રકમ જ કાર્ડ પર ઉધારવામાં આવનારી અંતિમ રકમ રહેશે અને ગ્રાહક ટ્રાન્ઝેક્શન સમાધાન તારીખે કાર્ડ પર વસૂલવામાં આવનારા કોઈ પણ વધારાના કર/નુકસાનને વહન કરવા સંમત થાય છે.

કાર્ડધારક સંમત થાય છે કે તેના કાર્ડને લગતો બેંકનો રેકોર્ડ અધિકૃત અને બંધનકર્તા છે.

88. કાર્ડધારકને મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ખાતેના ઈડીસી ટર્મિનલ્સ/એટીએમ દ્વારા જનરેટ કરાયેલા ટ્રાન્ઝેક્શનના રેકોર્ડને પોતાની પાસે સાચવી રાખવાની સલાહ અપાય છે.
89. કાર્ડધારક સમજે છે અને એ બાબતે સંમત થાય છે કે, એવી પણ સ્થિતિ સર્જાઈ શકે છે કે જ્યાં ફોરેક્સપ્લસ કાર્ડનો વધુ પડતો ઉપયોગ થઈ શકે છે, જેના પરિણામે બેંકે કાર્ડધારક વતી ચૂકવણી કરવી પડી શકે છે, અને કાર્ડનું બેલેન્સ નેગેટિવમાં જતું રહે છે. કારડધારક સમજે છે અને સંમત થાય છે કે કાર્ડના આ નેગેટિવ બેલેન્સને સરભર કરી આપવાની જવાબદારી તેની છે, કારણ કે બેંકે તો આ રકમ કાર્ડધારકે ખરીદેલા માલસામાન/ભોગવેલી સેવાઓ માટે આ રકમ ચૂકવી છે. કાર્ડધારક એ પણ સ્વીકારે છે કે કાર્ડધારક તરફથી કોઈ પણ આગોતરી પુષ્ટિ વિના બેંક સમક્ષ ધારણ કરેલા પોતાના એકાઉન્ટમાં ઉધારની એન્ટ્રી પાડીને કાર્ડના આ નેગેટિવ બેલેન્સને સરભર કરવાનો બેંક અબાધિત અધિકાર ધરાવે છે.
90. કાર્ડધારક કાર્ડ પર પર્યાપ્ત ફંડ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી કાર્ડનો ઉપયોગ કરીને કોઈ ઉપાડ/ખરીદી માટેનો કોઈ પ્રયાસ ન કરવા સંમત થાય છે. કાર્ડમાં પર્યાપ્ત બેલેન્સ રહે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંપૂર્ણપણે કાર્ડધારકના શિરે છે.
91. ફોરેક્સપ્લસ કાર્ડનો ઈન્ટરનેટ પર અથવા અન્યત્ર પ્રતિબંધિત ચીજો જેવી કે લોટરી ટિકિટ, વર્ચ્યુઅલ કરન્સી, જુગારવૃત્તિ, પ્રતિબંધિત મેગેઝિનની ખરીદી, સ્વીપસ્ટેક્સમાં સહભાગીપણું, કોલ-બેક સર્વિસીઝના પેમેન્ટ, વિદેશી ફોરેક્સ ટ્રેડિંગ, વિદેશી એક્સચેન્જમાં માર્જિન કોલ્સ/વિદેશી કાઉન્ટરપાર્ટી અથવા ઘરેલુ/વિદેશી બજારો વગેરેમાં ફોરેન એક્સચેન્જમાં ટ્રેડિંગ વગેરે માટે ઉપયોગ કરી શકાશે નહીં.

ડાયનેમિક કરન્સી કન્વર્ઝન (ડિસીસી) સુવિધા

92. ડિસીસીનો મતલબ થાય ડાયનેમિક કરન્સી કન્વર્ઝન જ્યારે એમસીસીનો મતલબ થાય મલ્ટિપલ કરન્સી કન્વર્ઝન.
93. ડિસીસી/એટીએમ ખાતે એમસીસી/પીઓએસ વગેરેથી કાર્ડધારકને પોતાની પસંદગીની કરન્સીમાં ટ્રાન્ઝેક્શન હાથ ધરવાનો વિકલ્પ સાંપડે છે. તેનાથી કાર્ડધારકને એ જાણવામાં પણ સહાયતા મળે છે કે ટ્રાન્ઝેક્શનના સમયે તેણે પસંદ કરેલી કરન્સીમાં ટ્રાન્ઝેક્શનનું વાસ્તવિક મૂલ્ય કેટલું છે.
94. ફોરેક્સપ્લસ કાર્ડધારક માટે પેમેન્ટ કરવા ફોરેક્સપ્લસ કાર્ડનો ઉપયોગ કરતી વેળાએ ડિસીસી/એમસીસીની પસંદગી કરવી સલાહભરી **નથી**, કારણ કે ટ્રાન્ઝેક્શન બે વખત ક્રોસ કન્ટ્રી કન્વર્ઝનમાંથી પસાર થાય છે.
95. ડિસીસીમાં કન્વર્ઝનના પ્રથમ ચરણના સંજોગોમાં એટલે કે સ્થાનિક કરન્સીમાંથી કાર્ડધારકની પસંદગીની કરન્સીમાં કન્વર્ઝન સમયે એક્સચેન્જ રેટનો નિર્ણય વિઝા/પ્લસ/માસ્ટરકાર્ડ દ્વારા લેવાય છે અને ટ્રાન્ઝેક્શનના સમયે તેની કાર્ડધારકને જાણ કરી દેવાય છે. **એક્સચેન્જ રેટ નક્કી કરવામાં બેંકની કોઈ ભૂમિકા રહેતી નથી**.
96. ડિસીસીમાં કન્વર્ઝનના દ્વિતિય ચરણના સંજોગોમાં એટલે કે કાર્ડધારકની પસંદગીની કરન્સીમાંથી ફોરેક્સપ્લસ કાર્ડ પર ઉપલબ્ધ કરન્સીમાં કન્વર્ઝન સમયે આવા કન્વર્ઝન પર ક્રોસ કન્ટ્રી ટ્રાન્ઝેક્શન ચાર્જિસ પણ કપાશે જે કાર્ડધારકના એકાઉન્ટમાં ઉધાર એન્ટ્રી પાડશે.

નિવાસીઓ

97. આ કાર્ડના ઉપયોગને લાગુ પડતા ફોરેન એક્સચેન્જ કંટ્રોલ નિયમનો અનુસારના ઉદ્દેશો માટે જ મંજૂરી અપાય છે.
98. આરબીઆઈની માર્ગદર્શિકાઓ અનુસાર, વિદેશમાં ટૂર દરમિયાન કાર્ડના ઉપયોગના કારણે તેની રકમ કાર્ડધારકના ફોરેન એક્સચેન્જ અધિકૃતતાને ઓળંગી જાય, તો કાર્ડધારકે ઉપયોગ કરાયેલા ફોરેન એક્સચેન્જના ઉપયોગ માટે દસ્તાવેજી પૂરાવો રજૂ કરવાનો રહેશે. બેંક આ સંબંધમાં સંપૂર્ણ વિગતો સાથે કોઈ પણ સંલગ્ન સત્તાવાળાઓને આ મેટર રિપોર્ટ કરવાની અધિકૃતતા ધરાવે છે.

99. લાગુ પડતા નિયમો અનુસાર, દરેક ફોરેન કરન્સી ટ્રાન્ઝેક્શન માટે કાર્ડધારકે સુયોગ્ય વિગતો ભરીને સહી કરેલું એ2 ફોર્મ રજૂ કરવાનું રહેશે. (ઉદાહરણ માટે અહીં ક્લિક કરો). કાર્ડધારકે એલઆરએસ હેઠળ રેમિટન્સી કરવા માટે પોતાના પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (પાન)ને પૂરો પાડવો ફરજિયાત છે.
100. કાર્ડધારકનો સંપર્ક થઈ ન શકે તેમ હોય અથવા તેઓ આરબીઆઈ દ્વારા નિર્ધારિત રિપોર્ટિંગના સમયગાળામાં તેને પ્રસ્તુત કરી શકે તેમ ન હોય, તો કાર્ડધારક વતી ફોરેન એક્સચેન્જની ખરીદી માટેની વિનંતી (એ2 ફોર્મ) પોતે ભરીને પ્રસ્તુત કરી દેવા બેંકને અધિકૃતતાની સાથે-સાથે ક્ષતિપૂર્તિ કરી આપે છે.

લોડિંગની રકમ ઉપરાંતના ફંડ્સની પ્રાપ્તિ

101. કાર્ડધારકે લોડિંગ રકમ ઉપરાંતનું ફંડ મેળવ્યું હશે, તો કાર્ડધારક એચડીએફસી બેંક દ્વારા નિર્ધારિત કરાય તેવી શરતો અને નિયમોને આધિન રહીને આવા ફંડ્સની એચડીએફસી બેંકને સુયોગ્ય ચૂકવણી કરી આપવા સંમત થાય છે. એચડીએફસી બેંક પાસે એવું માનવાને આધાર હશે કે કાર્ડધારકે વિનંતી કરેલી લોડિંગની રકમ ઉપરાંતનું ફંડ કોઈ પણ કારણસર (એટીએમ, પીઓએસ અથવા અન્ય સાધન, અથવા એચડીએફસી બેંકની સિસ્ટમમાં કોઈ ખામી સહિતના કારણે) પ્રાપ્ત કર્યું છે, તો એચડીએફસી બેંક તેના વિશે કાર્ડધારકને જાણ કરશે અને એચડીએફસી બેંક નિર્ધારિત કરે તેવા નિયમો અને શરતોને આધિન રહીને લોડિંગ રકમમાંથી કાર્ડધારકે મેળવેલા વધારાના ફંડને બાદ કરી શકે છે. એચડીએફસી બેંક આવા વધારાના ફંડને કાર્ડધારકના તેની અથવા તેની કોઈ પણ ગ્રુપ કંપની સાથેના કોઈ પણ એકાઉન્ટમાંથી વસૂલ કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે, પછી આવું એકાઉન્ટ જોઈન્ટ એકાઉન્ટ હોય કે સોલ એકાઉન્ટ અથવા અન્યત્ર હોય, અથવા અને/અથવા તેની પાસે આવા વધારાના ફંડ પરત્વે તાત્કાલિક પેમેન્ટ કરવા કાર્ડધારકને ફરજ પાડવાનો અધિકાર રહેલો છે, જે માટેના નિયમો અને શરતો એચડીએફસી બેંક દ્વારા નિર્ધારિત કરાઈ શકે છે. એચડીએફસી બેંક અથવા એચડીએફસી બેંક વતી વર્તનારી કોઈ વ્યક્તિ દ્વારા કાર્ડધારક પાસેથી વધારાની લોડિંગ રકમની બાકી લેણાં/ફંડ પરત્વે માગણી કરાય, તો તે સંજોગોમાં કાર્ડધારકે કાર્ડ પરની સઘળી બાકી રકમ અને/અથવા લોડિંગ રકમથી વધુ મેળવાયેલા ફંડની એચડીએફસી બેંકને બિનશરતી ચૂકવણી કરી આપવાની રહેશે. આ નિયમો અને શરતોમાંની કોઈ પણ બાબત એચડીએફસી બેંકના લિયન, સમાધાન, ટ્રાન્સફર અને કાયદા હેઠળ નાણાંના અમલીકરણ અથવા એચડીએફસી બેંક અને કાર્ડધારક વચ્ચે તે પછીના સમયે થયેલા અન્ય કોઈ પણ કરારને લીધે અસર થશે નહીં.

કાર્ડધારકની તકરારનું નિવારણ

102. કાર્ડ અથવા સ્ટેટમેન્ટના સંબંધમાં કોઈ પણ પૃચ્છા અથવા ફરિયાદ હોય તો તે સંજોગોમાં કાર્ડધારક એચડીએફસી બેંક કસ્ટમર કેરનો ટોલ ફ્રી નંબર **<ટોલ-ફ્રી નંબર ઉમેરો>** પર કોલ કરી શકે છે. વૈકલ્પિક રીતે કાર્ડધારક એચડીએફસી બેંકને અહીં **<અહીં ઈ-મેઈલ એડ્રેસ ઉમેરો>** ઈ-મેઈલ મોકલી શકે છે. આ ફરિયાદ કે પૃચ્છાની એચડીએફસી બેંક યોગ્ય તપાસ કરી શકે અને તેનો જવાબ આપી શકે તે માટે કાર્ડધારકે લેખિતમાં એચડીએફસી બેંકને પર્યાપ્ત અને સાચી વિગતો પૂરી પાડવાની રહેશે. લેટેસ્ટ કસ્ટમર કેર નંબર માટે, કાર્ડધારક એચડીએફસી બેંકની વેબસાઈટને જોઈ શકે છે.
103. આવા સંદેશાવ્યવહારમાં નીચેની માહિતી પૂરી પાડવાની રહેશે:
    a) કાર્ડધારકનું નામ, સરનામું અને કાર્ડનંબર
    b) ટ્રાન્ઝેક્શન અને/અથવા ફરિયાદની (ટ્રાન્ઝેક્શનની તારીખ અને એટીએમ/મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટના લોકેશન સહિત) વિસ્તૃત માહિતી તેમજ ટ્રાન્ઝેક્શન સામે તકરાર ઊભી કરવા અથવા પૃચ્છા અથવા ફરિયાદ કરવા માટે કાર્ડધારક પાસે રહેલું કારણ અથવા આધાર; **અને**
    c) ટ્રાન્ઝેક્શનની રકમ
104. આ તકરારના નિવારણ માટે અથવા તપાસ કરવા એચડીએફસી બેંકને કોઈ વધારાના દસ્તાવેજ/માહિતીની જરૂર પડે, તો કાર્ડધારક આ સાથે તેને પૂરી પાડવા સંમત થાય છે.
105. કાર્ડધારકના સંતોષ મુજબ પૂછપરછનું સમાધાન ન થાય, તો એચડીએફસી બેંક કાર્ડધારકને ફરિયાદ વિશે લેખિતમાં અથવા અન્યત્ર પોતાની તપાસના કારણો અને/અથવા નિવારણની રીત વિશે જાણ કરવાની સલાહ આપી શકે છે.
106. ફરિયાદ નોંધાવ્યાના 30 દિવસમાં કાર્ડધારકને બેંક તરફથી કોઈ સંતોષકારક જવાબ ન મળે તો તે સંજોગોમાં, કાર્ડધારક રિઝર્વ બેંક – ઈન્ટિગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમ (**આરબી-આઈઓએસ**), 2021 હેઠળ બેન્કિંગ લોકપાલ સમક્ષ ફરિયાદ નોંધાવી શકે છે જને ભારતીય રિઝર્વ બેંકે જારી કરેલા સંલગ્ન નિયમનો, નિર્દેશો અને માર્ગદર્શિકાઓની સાથે વંચાણે લેવાશે.
107. કાર્ડધારક યોગ્ય કન્ઝ્યુમર ફોરમ સમક્ષ અથવા નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈનનો સંપર્ક કરીને પોતાની ફરિયાદોને ઉઠાવી શકે છે. આ સંબંધે વધુ વિગતો consumerhelpline.gov.in પરથી મેળવી શકાશે.

તકરારો

108. સેલ્સ સ્લીપ કે જેની પર કાર્ડધારકની સહી હોય તેની સાથે તેની પર નોંધેલા કાર્ડ નંબરને કાર્ડધારકે ભોગવેલી જવાબદારીની મર્યાદા સુધી બેંક અને કાર્ડધારક વચ્ચેના સબળ પૂરાવા તરીકે ગણી લેવાશે અને બેંકે એ સુનિશ્ચિત કરવાની જરૂર નહીં રહે કે કાર્ડધારકને ખરીદેલા/ખરીદવામાં આવનારા માલસામાનની પ્રાપ્તિ થઈ છે કે નહીં અથવા તો કાર્ડધારકના સંતોષ મુજબ તેણે ઈચ્છેલી સેવા પ્રાપ્ત કરી છે અથવા તો પ્રાપ્ત કરવાના છે કે નહીં.
109. બેંકે કાર્ડધારકની અસંમતિને લગતી નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી નેવું દિવસની અંદર સ્ટેટમેન્ટમાં દર્શાવેલા લાગુ પડતા ચાર્જ સાથે ખિન્ન થયેલા કાર્ડધારકની અસંમતિને ઉકેલવાના વૈધાનિક તથા વાજબી પ્રયાસો કરવાના રહેશે. આવા પ્રયાસો

પછી પણ બેંકને લાગે કે, અહીં દર્શાવેલો ચાર્જ યોગ્ય છે તો તેણે તેના વિશે કાર્ડધારકને સેલ્સ સ્લિપ અથવા પેમેન્ટ રેક્વિઝિશનની નકલ સહિતની વિગતો સાથે જાણ કરવાની રહેશે.

110. કાર્ડને સ્વીકારવા કોઈ પણ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા ઈનકાર કરાવા પર બેંક કોઈ જવાબદારી સ્વીકારતી નથી. કાર્ડધારકે ટ્રાન્ઝેક્શનની તારીખથી અથવા એટીએમ પર અનધિકૃત ટ્રાન્ઝેક્શન કાર્ડ એકાઉન્ટમાં કરીને કેશ ઉપાડના 30 દિવસની અંદર બેંક સમક્ષ જે-તે બાબતે તકરાર ઊભી કરી દેવાની રહેશે અને યોગ્ય તપાસ કરીને તકરાર હેઠળના ટ્રાન્ઝેક્શનનો નિવેડો લાવવા માટે તમામ વાજબી પ્રયાસો કરવાના રહેશે અને આ મુજબ તકરારની રકમ માટે મર્ચન્ટની એક્વાયરિંગ બેંક સમક્ષ ચાર્જબેકને પ્રસ્તુત કરવાનો રહેશે. તકરાર ઊભી કરાયેલા ટ્રાન્ઝેક્શન પરત્વે મર્ચન્ટ એક્વાયરિંગ બેંક પાસેથી ચાર્જબેકની પુનઃપ્રસ્તુતિ થવાના સંજોગોમાં, મર્ચન્ટ એક્વાયરિંગ બેંકનો નિર્ણય અંતિમ રહેશે અને તકરાર હેઠળની રકમ માટે કાર્ડધારકને કરાયેલી કોઈ પણ ચૂકવણી માટે એચડીએફસી બેંક જવાબદાર રહેશે નહીં.

કાર્ડ એકાઉન્ટ પર કોઈ પણ રીતે કરાયેલા અનધિકૃત ટ્રાન્ઝેક્શન પરત્વે 30 દિવસ પછી કાર્ડધારક દ્વારા ઉઠાવાયેલી કોઈ પણ તકરારોને બેંક સ્વીકારશે નહીં.

111. આ કરારની રચના ભારતના કાયદાઓ દ્વારા સંચાલિત નિયમનોના અનુસરણમાં કરાઈ છે. તમામ તકરારો માત્ર મુંબઈ, ભારતની અદાલતોના સાર્વત્રિક ન્યાયક્ષેત્રને આધિન રહેશે.

112. તમામ લેણાં, કાનૂની ખર્ચ (કોઈ એજન્ટને આ મામલો સોંપવાથી તે જરૂરી બની જાય)ની વસૂલાત સાથે સંકલિત તમામ પડતરો માટે, અથવા તકરારના નિવેડા માટે કાનૂની સંસાધનોનો જ્યાં ઉપયોગ કરાયો હશે ત્યાં કાર્ડધારક જવાબદાર રહેશે.

જવાબદારીની બાકાતગી

113. જતું કરવા સંબંધિત કોઈ પણ પૂર્વગ્રહ વિના, બેંક દ્વારા નીચેની બાબતોના કારણે થનારા કોઈ પણ પ્રત્યક્ષ અથવા પરોક્ષ નુકસાન અથવા હાનિના સંબંધમાં બેંકની અરજદાર પ્રત્યે કોઈ જવાબદારી નહીં રહે:
   a. સપ્લાય કરાયેલા માલસામાન અથવા સેવાઓમાં કોઈ પણ ક્ષતિ
   b. કાર્ડને સ્વીકારવા અથવા તેનું માન જાળવવા કોઈ પણ વ્યક્તિએ કરેલો ઈનકાર
   c. કોઈ પણ પીઓએસ ટર્મિનલ/એટીએમ/ઈકોમમાં ક્ષતિ સર્જાવાને કારણે કાર્ડની સ્વીકૃતિ ન થાય અને/અથવા પીન/એટીએમ મશીન ન ચાલે અને રોકડનું વિતરણ ન થાય
   d. કાર્ડધારક સિવાયની કોઈ વ્યક્તિ દ્વારા ટ્રાન્ઝેક્શન માટે સૂચના અપાય;
   e. કાર્ડને પરત કરવા કોઈ વ્યક્તિએ કરેલી વિનંતીનું નિવેદન અથવા કોઈ વ્યક્તિ દ્વારા તે મતલબનું કાર્ય કરાય;
   f. કાર્ડધારક દ્વારા બેંકના સંકુલમાં બેંકના નિર્ધારિત કર્મચારી સિવાયની કોઈ વ્યક્તિને કાર્ડ સુપરત કરી દેવામાં આવે;
   g. એટીએમ પીન અથવા આઈપીન, એક્ટિવેશન કોડ કોઈ ત્રાહિત પક્ષકારને જણાવવો;
   h. બેંક દ્વારા પોતાના અધિકારોનો અમલ, કાર્ડ પર ઉલ્લેખિત એક્સપાયરી ડેટ પહેલાં કાર્ડને જમા કરાવી દેવાની માગણી અથવા હસ્તગત કરવું, પછી આવી માગ અને તે મતલબે બેંક અથવા કોઈ અન્ય વ્યક્તિ અથવા કમ્પ્યૂટર ટર્મિનલ દ્વારા હસ્તગત કરવું અને/અથવા માગણી કરવી;
   i. પોતાના કોઈ પણ કાર્ડને ટર્મિનેટ કરવાના પોતાના અધિકારનો બેંક દ્વારા ઉપયોગ
   j. ક્રેડિટપાત્રતા અને અરજદારની પ્રતિષ્ઠાને કોઈ પણ હાનિ કે જે કાર્ડના પુનઃકબજા દ્વારા થઈ હોય અને/અથવા તેને પરત કરવાની કોઈ વિનંતી અથવા કાર્ડને સ્વીકારવા બાબતે કોઈ મર્ચન્ટ એસ્ટાબ્લિશમેન્ટે ઈનકાર કર્યો હોય;
   k. કોઈ પણ ગેરનિવેદન, ગેરરજૂઆત, ક્ષતિ અથવા બેંકે જાહેર કરેલી કોઈ પણ વિગતોને છુપાવવી;
   l. આરબીઆઈએ સમયાંતરે જારી કરેલી માર્ગદર્શિકાઓમાં જણાવ્યા મુજબ કાર્ડધારક પોતાની ફોરેન એક્સચેન્જ મર્યાદાને ઓળંગી જવાને કારણે ટ્રાન્ઝેક્શન માટે મનાઈ કરવી, અથવા બેંકને કાર્ડધારક દ્વારા લિમિટ ઓળંગવા બાબતે જાણ થવી અને
   m. મર્ચન્ટ લોકેશન/એટીએમ ખાતે કોઈ પણ કારણથી કોઈ ટ્રાન્ઝેક્શનને ફગાવી દેવું

વીમાના લાભો

114. કાર્ડધારક ખાસ અનુમોદન કરે છે કે પૂરા પડાયેલા કોઈ પણ વીમા કવરની રૂએ બેંકને કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી શકાશે નહીં, અને કાર્ડધારકના મૃત્યુ અને/અથવા બેગેજ ખોવાઈ જવું અને/અથવા પાસપોર્ટ ખોવાઈ જવાના કારણે થનારા નુકસાન સામે વળતર માટે માત્ર વીમા કંપની જ સંપૂર્ણપણે જવાબદાર રહેશે અને તેઓ આવા વીમા કવરના સંબંધમાં અથવા તેના કારણે ઉદભવનારી કોઈ પણ તકરાર માટે બેંકને જવાબદાર ઠેરવશે નહીં, પછી તે આવા વીમા કવરમાં રહેલી કોઈ પણ ઊણપ કે ક્ષતિ, વળતરની વસૂલાત અથવા ચૂકવણી, દાવાના પ્રોસેસિંગ અથવા સમાધાન અથવા અન્ય કોઈ પણ કારણસર થયેલી હશે, અને આવી તમામ તકરારોનો કાર્ડધારકે સીધેસીધો વીમા કંપની સાથે મળીને જ ઉકેલ લાવવાનો રહેશે.

115. કાર્ડધારક અનુમોદન કરે છે કે, અહીં પૂરૂં પાડવામાં આવેલું વામા કવર કાર્ડધારકને માત્ર સંલગ્ન વીમા પોલિસી અમલમાં હશે તેની શરતો મુજબ જ અને જ્યાંસુધી કાર્ડધારક બેંકનો કાર્ડધારક રહે છે અને તેની સાથે સારા સંબંધો જાળવે છે ત્યાં સુધી જ ઉપલબ્ધ થશે. એક વખત કોઈ કાર્ડ રદ થઈ જશે અથવા કોઈ પણ કારણસર હંગામી કે કાયમી ધોરણે પાછું ખેંચાશે, તો આવા વીમા કવરનો લાભ આપોઆપ જતો રહેશે અને કાર્ડની જપ્તીની આવી તારીખથી જ તેનો લાભ નહીં મળે. તદુપરાંત, કાર્ડધારક એ બાબતે પણ સંમત થાય છે કે પોતાના કાર્ડને જારી રાખવાના સમયગાળા દરમિયાન પણ, બેંક કોઈ પણ સમયે પોતાની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને કાર્ડધારકને વાજબી નોટિસ પાઠવીને આવા વીમા કવરને સસ્પેન્ડ, પરત ખેંચવા કે રદ કરવાનો નિર્ણય લઈ શકે છે, અને આ લાભને જારી રાખવા અંગે બેંકને કોઈ ફરજ પાડી શકાશે નહીં.

116. **કોમ્પ્લિમેન્ટરી કાર્ડ વીમા કવરેજ–**

કેટેગરી	સિંગલ કરન્સી ફોરેક્સપ્લસ કાર્ડ્સ	મલ્ટિકરન્સી અને રિગલિયા ફોરેક્સપ્લસ કાર્ડ્સ
	સમ ઈન્શ્યોર્ડ/જવાબદારીની મર્યાદા (આઈએનઆરમાં મૂલ્ય)	
સેક્શન I – કાર્ડની જવાબદારી (સ્કીમિંગ/કાઉન્ટરફિટિંગ/કાર્ડ ખોવાનું)	500,000	500,000
સેક્શન VI A – આકસ્મિક મૃત્યુ (રોડ/રેલ) *	200,000	500,000
સેક્શન VI A – આકસ્મિક મૃત્યુ (એર)*	500,000	2,500,000
સેક્શન VII C – અંગત દસ્તાવેજો ખોવાઈ જવા (ફક્ત પાસપોર્ટ)	50,000	50,000
સેક્શન I – એટીએમ વિડ્રોઅલ કવર પછી ચોરી અથવા લૂંટ	60,000	60,000
સેક્શન VI A – ચેક્ડ બેગેજ ખોવાઈ જવું (ફક્ત એરપોર્ટ પર) સિંગલ ફક્ત એક આઈટમની મર્યાદા: 50%**	20,000	20,000

*ઈજા થયાના 12 મહિનાની અંદર અકસ્માતે મૃત્યુને આવરી લેવામાં આવશે.

એચડીએફસી બેંક ફોરેક્સપ્લસ કાર્ડ વેરિઅન્ટની માન્યતા મુદત દરમિયાન જ થયેલી આકસ્મિક ઈજા અને ત્યારબાદ મૃત્યુને આવરી લેવામાં આવશે.

કોઈપણ સંજોગોમાં, જો વીમાધારક એચડીએફસી બેંકમાં એક કરતા વધુ કાર્ડ ધરાવતા હશે, તો પર્સનલ એક્સિડેન્ટ ક્લેઈમ ફક્ત એક જ કાર્ડ પર ચૂકવવાપાત્ર રહેશે, જેમાં મહત્તમ લાભ (સૌથી વધુ વીમા રકમ) હશે.

**એરલાઇનને કારણે ચેકઈન કરેલા બેગેજના ખોવાઈ જવા અને એરલાઇન દ્વારા સ્વીકારવામાં આવેલી જવાબદારી પર લાગુ થશે. જેના માટે એરલાઇન ચુકવણી કરવા માટે જવાબદાર હશે તેવી કોઈપણ રકમ વડે વીમા કવર હેઠળ ચૂકવણી ઘટાડવામાં આવશે.

a. વીમા કવર મેળવવા માટે સૂચના અને દસ્તાવેજ/દાવો સબમિટ કરવા માટે, કોઈપણ ઠગાઈયુક્ત ટ્રાન્ઝેક્શન/અનધિકૃત ડેબિટની જાણ બેંકને ટ્રાન્ઝેક્શનની તારીખથી 30 દિવસની અંદર કરવાની રહેશે.

b. સહાયક દસ્તાવેજો/ક્લેઈમ ટ્રાન્ઝેક્શનની તારીખથી 60 દિવસની અંદર સબમિટ કરવો જોઈએ. આ રીતે આપવામાં આવેલું વીમા કવર કાર્ડ/સામાનની ચોરી/લૂંટ/લૂંટના કેસોને આવરી/ધ્યાનમાં લેતું નથી.

ટર્મિનેશન

117. કાર્ડધારક કાર્ડને હોટ-લિસ્ટ કરીને કોઈપણ સમયે આ સુવિધા બંધ કરાવી શકે છે. જો કે, કાર્ડ એક્ટિવ હતું તે સમયગાળા દરમિયાન કરવામાં આવેલા, પરંતુ સરેન્ડર પછી કાર્ડ પર પોસ્ટ કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શન માટે, કાર્ડધારક સંપૂર્ણપણે જવાબદાર રહેશે. કોઈપણ ટ્રાન્ઝેક્શન પર તકરારના સંજોગોમાં, કાર્ડધારક બેંકને સૂચિત કરી શકે છે અને બેંક નેટવર્ક પાર્ટનર (વિઝા/માસ્ટરકાર્ડ) ના નિયમો અનુસાર ચાર્જબેક વસૂલી શકે છે.
118. આ કાર્ડ સંપૂર્ણપણે એચડીએફસી બેંકની મિલકત છે અને તેના દ્વારા વિનંતી કરાવા પર તાત્કાલિક અને બિનશરતી રીતે એચડીએફસી બેંકના અધિકારીને પરત કરવું જરૂરી છે. કૃપા કરીને સુનિશ્ચિત કરો કે તમારું કાર્ડ સોંપતા પહેલા બેંક અધિકારીની ઓળખ તમારા દ્વારા કરવામાં આવી છે.
119. બેંક 30 દિવસની નોટિસ આપીને આ કાર્ડને રદ કરીને કોઈપણ સમયે આ સુવિધા બંધ કરવાનો અધિકાર ધરાવે છે અને કાર્ડધારકને ભારતમાં કાર્ડધારકના સરનામાં/ઈમેલ/એસએમએસ કે જેની છેલ્લે બેંકને લેખિતમાં જાણ કરાઈ હતી ત્યાં પોસ્ટ કર્યાના 30 દિવસની અંદર, તે પ્રાપ્ત થયો હોવાનું માની લેવાશે.
120. એચડીએફસીએફસી બેંક પાસે આ કાર્ડ સુવિધા તાત્કાલિક અસરથી ટર્મિનેટ કરવાનો અધિકાર રહેલો છે અને નીચેની કોઈપણ ઘટના બનતા જ કાર્ડ પરત કરવું પડશે:

a) અહીં દર્શાવેલ નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળતા
b) એચડીએફસી બેંક સાથે થયેલા કરાર અથવા પ્રતિબદ્ધતા હેઠળ ડિફોલ્ટની ઘટના
c) કાર્ડધારક કોઈપણ નાદારી, નાદારી કાર્યવાહી અથવા સમાન પ્રકારની કાર્યવાહીની ઘટના બને
d) કાર્ડધારકનું મૃત્યુ થાય

121. કાર્ડધારક પોતાની સંમતિ ન આપે અથવા કાર્ડની સુવિધાઓમાં કોઈપણ પ્રસ્તાવિત ફેરફારો અથવા કાર્ડ પર લાગુ નિયમો અને શરતોમાં ફેરફારને સ્વીકારવાનો ઈનકાર કરે, તો કાર્ડધારકે ઉપરોક્ત કોઈપણ ફેરફારો અમલમાં આવે તે તારીખ પહેલાં કાર્ડ એચડીએફસી બેંકને પરત કરવાનું રહેશે.

122. બેંક સક્ષમ ન્યાયક્ષેત્રની કોઈપણ કોર્ટ, ક્વાસી-જ્યુડિશિયલ સત્તાવાળાઓ, કાયદાનો અમલી કરાવનારી એજન્સીઓ અને કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારની કોઈપણ અન્ય પાંખ સમક્ષ ગ્રાહકને લગતી માહિતી જાહેર કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

ક્ષતિપૂર્તિ

123. કાર્ડધારક બેંકને તમામ જવાબદારીઓ, નુકસાન, નુકસાન અને ખર્ચાઓ સામે ક્ષતિપૂર્તિ કરી આપવા સંમત થાય છે, કે જેને બેંક આના પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વહન કરે શકે છે અથવા ભોગવે છે:
    a. કાર્ડધારકની બેદરકારી/ભૂલ અથવા ગેરવર્તણૂક
    b. કાર્ડ સંબંધિત નિયમો/નિયમો અને શરતોનો ભંગ અથવા પાલન ન કરવું.
    c. કાર્ડધારક અથવા તેના કર્મચારીઓ/એજન્ટો દ્વારા કોઈપણ ટ્રાન્ઝેક્શન સંબંધિત છેતરપિંડી અથવા અપ્રમાણિકતા કરાય. એટીએમ/ઈડીસી ટર્મિનલ મશીનો છે અને કામગીરી દરમિયાન ભૂલ થઈ શકે છે. કાર્ડધારક આવી કોઈપણ મશીન/યાંત્રિક ભૂલ/એરર માટે બેંકને વળતર આપવા સંમત થાય છે.

124. કાર્ડધારક આરબીઆઈના એક્સચેન્જ કંટ્રોલ નિયમનોનું પાલન ન કરવાથી ઉદભવતા કોઈપણ અને તમામ પરિણામો સામે બેંકને ક્ષતિપૂર્તિ કરી આપશે અને નુકસાનની ભરપાઈ કરી આપશે.

શરતો

125. કાર્ડ અરજી ફોર્મ પર સહી કરીને, કાર્ડના પાછળના ભાગ પર સહી કરીને, કાર્ડ વડે ટ્રાન્ઝેક્શન કરીને અથવા કાર્ડનો ઉપયોગ કરીને કાર્ડધારકે આ નિયમો અને શરતોના અનુસરણની બિનશરતી સંમતિ આપી છે અને સ્વીકારી છે તેવું માનવામાં આવશે.

126. બેંક સમયાંતરે કાર્ડને લગતી નીતિઓ, સુવિધાઓ અને લાભોમાં સુધારો કરવાનો અને આ નિયમો અને શરતોને બદલવાનો અબાધિત અધિકાર ધરાવે છે અને કાર્ડધારકને યોગ્ય લાગે તે રીતે આવા કોઈપણ ફેરફારોની જાણ કરી શકે છે. કાર્ડધારક આવા ફેરફારોનું પાલન કરવા બંધાયેલા રહેશે સિવાય કે કોઈપણ ફેરફાર લાગુ થવાની તારીખ પહેલાં કાર્ડ રદ કરવા માટે બેંકને પરત કરવામાં આવે.

127. બેંક સમયાંતરે નવી સેવાઓ રજૂ કરી શકે છે. નવા ફંક્શન્સના અસ્તિત્વ અને ઉપલબ્ધતાની જાણ કાર્ડધારકને જ્યારે-જ્યારે લાગુ થશે ત્યારે કરવામાં આવશે. નવી સેવાઓ પર લાગુ પડતા બદલાયેલા નિયમો અને શરતોની કાર્ડધારકને જાણ કરાશે. આ નવી સેવાઓનો ઉપયોગ કરીને, કાર્ડધારક લાગુ પડતા નિયમો અને શરતોથી બંધાયેલા રહેવા માટે સંમત થાય છે.

128. આ શરતો કાર્ડધારક અને બેંક વચ્ચેના કરારનું સર્જન કરે છે. કાર્ડ માટે અરજી કરીને અને સેવાઓનો ઉપયોગ કરીને, કાર્ડધારક આ નિયમો અને શરતોને સ્વીકારે છે. આ નિયમો અને શરતો કાર્ડધારકના કોઈપણ ખાતાને લગતા નિયમો અને શરતો ઉપરાંત રહેશે નહીં, અને તેનું અપમાન કરશે નહીં.

સંચાલન કરતા કાયદા

129. આ નિયમો અને શરતો અને/અથવા બેંક પાસે રહેલા કાર્ડધારકના એકાઉન્ટ્સમાંની કામગીરી અને/અથવા કાર્ડ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓનો ઉપયોગ અન્ય કોઈ રાષ્ટ્ર દ્વારા નહીં પરંતુ ભારત પ્રજાસત્તાકના કાયદા દ્વારા સંચાલિત થશે. કાર્ડધારક અને બેંક આ નિયમો અને શરતો હેઠળ ઉદભવતા કોઈપણ દાવા અથવા તકરારોના સંદર્ભમાં મુંબઈ, ભારતમાં સ્થિત કોર્ટના વિશિષ્ટ ન્યાયક્ષેત્રને માન્ય રાખવા સંમત થાય છે. બેંક ભારત પ્રજાસત્તાક સિવાય અન્ય કોઈપણ દેશના કાયદાઓનું પાલન ન કરવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ જવાબદારી સ્વીકારતી નથી. ભારત સિવાય અન્ય દેશમાં કાર્ડધારક દ્વારા કાર્ડ એક્સેસ કરી શકાય છે તે હકીકતનો મતલબ એ નથી થતો કે ઉપરોક્ત દેશના કાયદા આ નિયમો અને શરતો અને/અથવા કાર્ડધારકના કાર્ડ ખાતામાં ઓપરેશન્સ અને/અથવા કાર્ડના ઉપયોગને નિયંત્રિત કરે છે.

સર્વરેબિલિટી અને વેઈવર

130. આ નિયમો અને શરતોની દરેક જોગવાઈઓ અલગ તારવી શકાય તેવી અને એકબીજાથી અલગ છે અને જો કોઈપણ સમયે, આવી એક અથવા વધુ જોગવાઈઓ કોઈપણ ન્યાયક્ષેત્રના કાયદા હેઠળ કોઈપણ સંદર્ભમાં ગેરકાયદેસર જાહેર થાય અથવા અમલમાં ન આવે, તો બાકીની જોગવાઈઓની કાયદેસરતા, માન્યતા અથવા અમલ કરવાની ક્ષમતાને કોઈપણ રીતે અસર થશે નહીં. ઉપર ઉલ્લેખ હોવા છતાં, અહીં આપેલા કોઈપણ નિયમો અને શરતો ગેરકાયદેસર અથવા અમલમાં ન આવે તેવી સ્થિતિમાં રહેશે, તો બેંક તાત્કાલિક કાર્ડ પાછું ખેંચવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

131. બેંક દ્વારા કોઈપણ કામગીરી, વિલંબની ઉદારતા અથવા બાકાતગી કરાય તો તેનાથી તેના અધિકારો, સત્તાઓ અને ઉપાયો અથવા આવા અધિકારો, સત્તાઓ અથવા ઉપાયોના અલગ રીતે બીજા ઉપયોગને અસર થશે નહીં. આ નિયમો અને શરતો હેઠળના અધિકારો અને ઉપાયો ક્યુમ્યુલેટિવ છે અને કાયદા હેઠળ અથવા સમાનતા પર બેંકને ઉપલબ્ધ અન્ય અધિકારો અને ઉપાયોથી અલગ નથી.

એસાઈન્મેન્ટ

132. કાર્ડધારક સ્વીકારે છે કે બેંક કાર્ડધારકની સંમતિ મેળવ્યા વિના, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિને આધિન રહીને, કોઈપણ ત્રાહિત વ્યક્તિને કાર્ડના સંદર્ભમાં તેના કોઈપણ અથવા તમામ અધિકારો અને જવાબદારીઓ સોંપી, ટ્રાન્સફર કરી અથવા પૂરા પાડી શકે છે.

પરચૂરણ

133. કાર્ડધારક દ્વારા તેની અરજી સાથે પૂરી પાડવામાં આવેલી માહિતી અને સર્વેક્ષણ દરમિયાન, ગ્રાહક અહેવાલો સહિત બાહ્ય સ્ત્રોતોમાંથી મળેલી માહિતીનો ઉપયોગ બેંક/સંલગ્ન સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી માર્કેટિંગ રિપોર્ટ્સ અને પ્રવૃત્તિઓ માટે કરવાનો બેંક અબાધિત અધિકાર ધરાવે છે. બેંક આ માહિતીનો ઉપયોગ મેઇલિંગ લિસ્ટ ડેવલપ કરવા કરી શકે છે જેનો ઉપયોગ બેંક જેમની સાથે કાર્ડધારક માટે માર્કેટિંગ ઑફર્સ વિકસાવવા માટે કામ કરશે તે કંપનીઓ દ્વારા કરી શકાય છે.

134. કાયદા દ્વારા અથવા અન્ય કોઈપણ કરાર હેઠળ અપાયેલા સમાધાનના સામાન્ય અધિકાર અથવા અન્ય અધિકાર ઉપરાંત, બેંક કોઈ પણ જાણ કર્યા વિના, કાર્ડ પરના બેલેન્સને કોઈપણ અન્ય એકાઉન્ટ(ટ્સ) સાથે જોડી અથવા એકીકૃત કરી શકે છે, જે કાર્ડધારક બેંક અને તેની જૂથ કંપનીઓ સાથે જાળવી રાખે છે, અને કાર્ડધારકની તેના કાર્ડ હેઠળ બેંક પ્રત્યેની જવાબદારીને પરિપૂર્ણ કરવા માટે અથવા આવા અન્ય એકાઉન્ટ(ટ્સ)ની ક્રેડિટમાં રકમનું સમાધાન અથવા ટ્રાન્સફર કરી શકે છે.

135. કાર્ડધારકે કાર્ડ માટેના અરજી ફોર્મમાં જણાવ્યા મુજબ સંદેશાવ્યવહાર માટે તેના રોજગાર/સરનામાં/ઈમેલ/મોબાઈલ નંબરમાં કોઈપણ ફેરફાર8 થાય તો તેની તાત્કાલિક બેંકને જાણ કરવાની રહેશે. બેંકના ધ્યાનમાં સરનામું/ઈમેલ/મોબાઈલમાં ફેરફાર થયાનું ધ્યાને આવશે તો બેંક તુરત કાર્ડધારકના રેકોર્ડમાં તેના સરનામાં/ઈમેલ/મોબાઈલ નંબરને બદલવાનો અબાધિત અધિકાર ધરાવે છે. બેંકને સંદેશાવ્યવહાર માટે રોજગાર/સરનામું/ઈમેલ/મોબાઈલ નંબરની સાચી વિગતોની જાણ કરવામાં આવ્યાનું સુનિશ્ચિત કરવાની જવાબદારી ફક્ત કાર્ડધારકની રહેશે, અને ખોટા સરનામાં/ઈમેલ/મોબાઈલ નંબર આપવાના સંજોગોમાં બેંક કાર્ડધારકને કોઈપણ નુકસાન થાય અથવા જવાબદારી ઉદભવે તો તેવી બધી જવાબદારીનો અસ્વીકાર કરે છે.

136. કાર્ડધારક બેંક અથવા તેના સહયોગીઓ દ્વારા કાર્ડધારકને પ્રાપ્ત થતી સુવિધાઓ/સેવાઓ માટે સમયાંતરે નિર્ધારિત કરાતા તમામ નિયમો અને શરતોનું પાલન અને અનુસરણ કરવા સંમત થાય છે અને આ દ્વારા તે સંમત થઈને પુષ્ટિ કરી આપે છે કે ઇન્ટરનેટ, વર્લ્ડ વાઇડ વેબ, ઇલેક્ટ્રોનિક ડેટા ઇન્ટરચેન્જ, કોલ સેન્ટર્સ, ટેલિસર્વિસ ઓપરેશન્સ (વોઇસ, વિડિયો, ડેટા અથવા તેનું મિશ્રણ) સહિત રિમોટ ટ્રાન્ઝેક્શન કરવા માટેની સુવિધાઓ દ્વારા અથવા તેના દ્વારા કરવામાં આવતા આવા તમામ વ્યવહારો અથવા ઇલેક્ટ્રોનિક, કમ્પ્યૂટર, ઓટોમેટેડ મશીન નેટવર્ક અથવા ટેલિકોમ્યુનિકેશનના અન્ય માધ્યમો દ્વારા, બેંક અથવા તેના સહયોગીઓ દ્વારા અથવા તેમના વતી સ્થાપિત, આવી સુવિધાઓ/સેવાઓ માટે અને તેના સંદર્ભમાં, કાનૂની રીતે બંધનકર્તા અને માન્ય ટ્રાન્ઝેક્શન થવાના સંજોગોમાં બેંક અથવા તેના સહયોગીઓ દ્વારા આવી સુવિધાઓ/સેવાઓ માટે નિર્ધારિત નિયમો અને શરતોનું પાલન અને અનુસરણ કરાય, જેની સમયાંતરે સૂચના આપવામાં આવી શકે છે. કાર્ડધારક આ સાથે સંમત થાય છે કે કાર્ડધારક લોન/નાણાકીય/ક્રેડિટ સુવિધાની મૂળ રકમ અથવા તેના પર ચૂકવવાપાત્ર વ્યાજ/ચાર્જ ચૂકવવામાં નિષ્ફળ જશે તો બેંક અને/અથવા તેના ડાયરેક્ટર/ભાગીદાર/સપ્લિમેન્ટરી કાર્ડધારકને, લાગુ પડે તે રીતે બેંક અથવા આરબીઆઈ તેમની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી યોગ્ય લાગે તે રીતે અને માધ્યમો દ્વારા કાર્ડધારકનો ડિફોલ્ટર તરીકે રિપોર્ટ કરી શકે છે.

સામાન્ય નિયમો અને શરતો અંગે ઘોષણાપત્ર:

હું બેંકના નિયમો અને શરતો અને અમલમાં રહેલા નિયમો અને બેંકની વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવેલા મારા ફોરેક્સપ્લસ કાર્ડ સંબંધિત સમયાંતરે નિયમો અને શરતોમાં થયેલા ફેરફારોનું પાલન કરવા સંમત છું.

હું સંમત થાઉં છું કે ફોરેક્સપ્લસ કાર્ડનો ઉપયોગ અને ઉપયોગ ભારતીય રિઝર્વ બેંક દ્વારા સમયાંતરે રજૂ કરાયેલા અથવા સુધારેલા નિયમો અને નિયમોને આધીન રહેશે.

હું સંમત થાઉં છું કે ફોરેક્સપ્લસ કાર્ડ જારી કરતા પહેલા બેંક, પોતાના નો યોર કસ્ટમરને લગતી માર્ગદર્શિકા હેઠળ જરૂરી તપાસ કરશે. કેવાયસી, એએમએલ અથવા અન્ય કાનૂની/નિયમનકારી આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે મારે જરૂરી દસ્તાવેજો અથવા પૂરાવા, જેમ કે પાન, પાસપોર્ટ, ઓળખનો પુરાવો, રહેઠાણનો પુરાવો, આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ ટિકિટ અથવા વિઝા અને આવી કોઈપણ માહિતી સબમિટ કરવાની જરૂર પડશે.

વધુમાં, ફોરેક્સપ્લસ કાર્ડનો ઉપયોગ હાલના નિયમનકારી માર્ગદર્શિકાઓના અનુસરણમાં રહેશે, અને હું બેંક દ્વારા જરૂરી સમયાંતરે ઉપરોક્ત દસ્તાવેજો ફરીથી પ્રસ્તુત કરવા સંમત છું.

હું સંમત થાઉં છું કે બેંકને, તેની સંપૂર્ણ મુનસફી મુજબ, વધુ નાણાકીય સમાવેશીકરણ સુનિશ્ચિત કરવા અને બેંકિંગ ક્ષેત્રની પહોંચ વધારવા તેમજ બેંકિંગ અને નાણાકીય સેવાઓના વિસ્તરણ માટે બિઝનેસ ફેસિલિટેટર (ત્યારબાદ "બીએફ" તરીકે ઓળખવામાં આવશે), બિઝનેસ કોરસપોન્ડન્ટ્સ (ત્યારબાદ "બીસી" તરીકે ઓળખવામાં આવશે) અને સર્વિસ પ્રોવાઈડર્સની સેવાઓનો ઉપયોગ કરી શકે છે. જોકે, બેંક આવા બીસી, બીએફ અથવા સર્વિસ પ્રોવાઈડર્સના કાર્યો અને અવગણના માટે જવાબદાર રહેશે.

હું સંમત થાઉં છું કે, સામાન્ય સંજોગોમાં, બેંક પાસે ઓછામાં ઓછા 30 દિવસની નોટિસ આપીને કોઈપણ સમયે કોઈપણ ફી અને ચાર્જિસમાં સુધારો કરવાની અને મારું ફોરેક્સપ્લસ કાર્ડ બંધ કરવાની સત્તા રહેલી છે. જો કે, મારા દ્વારા નિયમનકારી માર્ગદર્શિકા અથવા બેંકની શરતોનું પાલન કરવામાં ન આવે, તો બેંક કોઈપણ આગોતરી જાણ કર્યા વિના મારું ફોરેક્સપ્લસ કાર્ડ બંધ કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

હું સંમત થાઉં છું કે બેંક તેની સંપૂર્ણ મુનસફી હેઠળ, ઓછામાં ઓછા 30 દિવસની નોટિસ આપીને મારા ફોરેક્સપ્લસ કાર્ડ પર પૂરી પડાયેલી કોઈપણ સેવાઓ/સુવિધાઓ/લાભમાં કોઈપણ સમયે સંપૂર્ણ અથવા આંશિક સુધારો કરી શકે છે અને/અથવા મને અન્ય સેવાઓ/સુવિધાઓ પર તબદિલ થવાનો વિકલ્પ પ્રદાન કરી શકે છે.

મારા પાન, સરનામું અથવા અન્ય જનસાંખ્યિક વિગતોમાં કોઈપણ ફેરફારની તાત્કાલિક બેંકને જાણ કરવા બાબતે હું સંમત થાઉં છું, આમ કરવામાં નિષ્ફળ રહેવાથી હું કોઈપણ નિયમનકારી બિન-અનુપાલન અને સંદેશાવ્યવહાર/ડિલિવરેબલ્સ પ્રાપ્ત ન થવા માટે જવાબદાર રહીશ.

હું સંમત થાઉં છું કે હું મારા ફોરેક્સપ્લસ કાર્ડ અને/અથવા કોઈપણ વ્યવહાર અથવા સેવાઓના સંદર્ભમાં બેંક દ્વારા વસૂલવામાં આવતા તમામ ચાર્જ, ફી, વ્યાજ, ખર્ચની ચૂકવણી માટે જવાબદાર રહીશ અને તે બેંક દ્વારા મારા ફોરેક્સ કાર્ડમાં ડેબિટ એન્ટ્રી પાડીને વસૂલી શકાય છે. હું સંમત થઈને સ્વીકારું છું કે પર્યાપ્ત ભંડોળની ઉપલબ્ધતાના કિસ્સામાં ટ્રાન્ઝેક્શનનો ઈનકાર કરવામાં આવશે.

હું સંમત થાઉં છું કે ફોરેક્સપ્લસ કાર્ડ અરજી કરતી વખતે અથવા કામકાજના સામાન્ય સંજોગોમાં કોઈપણ ટ્રાન્ઝેક્શન કરતી વખતે બેંકના કોઈપણ સેલ્સ પ્રતિનિધિને રોકડમાં કોઈપણ રકમ ચૂકવીશ નહીં.

હું ફોરેક્સપ્લસ કાર્ડ માટે અરજી, રીલોડ અને રિફંડ ફોર્મમાં ઉલ્લેખિત જરૂરી લખાણો અનુસાર અમલ કરવા માટે સંમત છું.

હું સંમત થઈને સ્વીકાર કરું છું કે ફોરેક્સપ્લસ કાર્ડ અને આઈપીન વિગતો બેંક દ્વારા કુરિયર/મેસેન્જર/મેઇલ દ્વારા અથવા અન્ય કોઈપણ માધ્યમ દ્વારા મારા દ્વારા જાણ કરાયેલા પત્રવ્યવહારના સરનામે મોકલવામાં આવશે.

બેંક મારી વિનંતી પર ફક્ત આઈપીન ફરીથી સેટ કરશે તે માટે હું સંમત થાઉં છું.

હું સંમત છું કે બાર (12) વર્ષથી વધુ ઉંમરના સગીરને તેના/તેણીના કુદરતી વાલીની સંમતિથી અથવા સક્ષમ અધિકારક્ષેત્રની અદાલત દ્વારા નિયુક્ત વાલી દ્વારા ફોરેક્સપ્લસ કાર્ડ જારી કરી શકાય છે. ઉપરોક્ત સગીર બહુમતી પ્રાપ્ત ન કરે ત્યાં સુધી વાલીએ ઉપરોક્ત ફોરેક્સપ્લસ કાર્ડમાં કોઈપણ વર્ણનના તમામ વ્યવહારોમાં સગીરનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ. સગીર બહુમતી પ્રાપ્ત કર્યા પછી, ખાતું ચલાવવાનો વાલીનો અધિકાર બંધ થઈ જશે. ઉપરોક્ત સગીરના ફોરેક્સપ્લસ કાર્ડનો

ઉપયોગ કરીને/તેમાં કરેલા કોઈપણ ઉપાડ/વ્યવહારો/લોડ/રીલોડ માટે વાલી બેંકને નુકસાન ભરપાઈ કરવા સંમત થાય છે.

હું સંમત થાઉં છું કે ફોરેક્સપ્લસ કાર્ડ નેગેટિવ બેલેન્સમાં હશે, તો બેંક મારા કોઈપણ લિંક્ડ બેંક ખાતામાં રહેલા કોઈપણ ક્રેડિટ દ્વારા મારા ફોરેક્સપ્લસ કાર્ડનું સમાધાન કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

ટેકનિકલ ખામી/ભૂલને કારણે કોઈપણ સેવાઓ/સુવિધાઓની ઉપલબ્ધતામાં વિક્ષેપ અથવા ગેરહાજરીને કારણે અથવા ટેલિકોમ્યુનિકેશન નેટવર્કમાં કોઈપણ નિષ્ફળતા અથવા બેંકના નિયંત્રણની બહાર કોઈપણ સોફ્ટવેર અથવા હાર્ડવેર સિસ્ટમમાં કોઈપણ ભૂલને કારણે થનારા કોઈપણ નુકસાન, નુકસાન (પ્રત્યક્ષ કે પરોક્ષ) માટે બેંક જવાબદાર રહેશે નહીં.

હું સંમત થાઉં છું કે બેંક અન્ય સંસ્થાઓને, સંપૂર્ણ ગુપ્તતા સાથે, એવી વ્યક્તિગત માહિતી જાહેર કરી શકે છે જે વ્યાજબી રીતે જરૂરી હોય, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

1. કોઈપણ ટેલિકોમ્યુનિકેશન અથવા ઇલેક્ટ્રોનિક ક્લિયરિંગ નેટવર્કમાં ભાગ લેવા માટે
2. કાનૂની નિર્દેશનું પાલન કરીને
3. માન્ય ક્રેડિટ રેટિંગ એજન્સીઓ દ્વારા ક્રેડિટ રેટિંગ માટે
4. છેતરપિંડી અટકાવવાના હેતુઓ માટે
5. ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરોને
6. ડિલિવરી પરિપૂર્ણતા માટે સર્વિસ ડિસ્ટ્રીબ્યૂશન પાર્ટનર સાથે
7. ફોરેક્સપ્લસ કાર્ડ પર ઓફર કરવામાં આવતા વિવિધ લાભોના વિતરણ માટે સેવા પૂરી પાડનારા

હું બેંકને એચબીએલ ગ્લોબલ લિમિટેડ અને અન્ય કોઈપણ માર્કેટિંગ એજન્ટ/ટ્સ અને/અથવા કરાર કરનારા દ્વારા ક્રોસ સેલિંગના હેતુ માટે એકાઉન્ટ ઓપનિંગ ફોર્મમાં પૂરી પાડવામાં આવેલી માહિતી જાહેર કરવા સંમતિ આપું છું, જેમની સાથે બેંકે સેવાઓ/ઉત્પાદનો પૂરી પાડવાના સંબંધમાં કોઈપણ વ્યવસ્થા કરી છે, જેમાં કોઈ મર્યાદા વિના, વિવિધ નાણાકીય ઉત્પાદનોના ક્રોસ સેલિંગનો સમાવેશ થાય છે. કોઈપણ ક્રોસ-સેલિંગનો પ્રયાસ કરતાં પહેલાં બેંકે હંમેશા તપાસ કરવી પડશે કે મેં 'ડુ નોટ કોલ' સુવિધા માટે નોંધણી કરાવી છે કે નહીં.

મને બેંકની કોઈપણ પ્રોડક્ટ્સ/સેવાઓ કે જે હું ધરાવું છું/ઉપયોગ કરું છું તેની વિશેષતાઓ સંબંધિત કોઈ ફરિયાદ હોય, તો હું જાણું છું કે હું https://www.hdfcbank.com/peroonal/need-help/contact-us દ્વારા તેના નિરાકરણ માટે બેંકની તકરાર નિવારણ સેલનો સંપર્ક કરી શકું છું અને ફરિયાદ નોંધાવ્યાના 30 દિવસની અંદર મને સંતોષકારક જવાબ ન મળે, તો, બેન્કિંગ લોકપાલ યોજના 2006 હેઠળ, હું ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિયુક્ત લોકપાલનો સંપર્ક કરી શકું છું, જે તે પ્રદેશના પ્રભારી છે જ્યાં હું મારું એકાઉન્ટ ધરાવું છું, જેની વિગતો https://www.hdfcbank.com/peroonal/need-help/contact-us/banking-ombudsman-details પર ઉપલબ્ધ છે.

જો બેંક દ્વારા એકત્રિત કરવામાં આવેલી કોઈપણ વ્યક્તિલક્ષી અથવા સંવેદનશીલ માહિતીના કિસ્સામાં, બેંકની વેબસાઇટ https://www.hdfcbank.comBank પર ઉપલબ્ધ બેંકની ગોપનીયતા નીતિ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. ગુણવત્તા નિયંત્રણ હેતુઓ માટે કસ્ટમર સાથે ટેલિફોનિક વાતચીત રેકોર્ડ કરવાનો બેંક અબાધિત અધિકાર ધરાવે છે.

અહીં પૂરા પાડવામાં આવેલ દસ્તાવેજો અને અરજી ફોર્મ હોવા છતાં, બેંક તમારી અરજી સ્વીકારવા/અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. આ સંદર્ભમાં બેંકનો નિર્ણય અંતિમ રહેશે.